Chapter - 8

# પ્રકરણ - ૮

## પારસી નાટક-નાટ્યકાર અને તેમનું પ્રદાન

## પ્રકરણ - ૮

## પારસી નાટક-નાટયકાર અને તેમનું પ્રદાન

એક કાળે સમગ્ર ભારત પર પારસી નાટક અને નાટયકાર એવાં પ્રબળ રીતે છવાઇ ગયાં કે તેની સમગ્ર ભારતીય રંગભૂમિ પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડતી રહી. પારસી રંગભૂમિની દુઃખદ ઘટના એ છે કે તેનાં પ્રાયઃ બધાં નાટકો પુસ્તકાકાર પામ્યા નહીં. પરિણામે તે કાળના પ્રવાહમા વિલીન થઇ ગયાં, તેમ છતાં એમાનાં થોડાંક પુસ્તક રુપે મળ્યાં તેના ઉપરથી નાટયસૃષ્ટિના ભવ્ય વારસાનું દર્શન થયા વિના રહેતું નથી. પારસી નાટયસૃષ્ટિને આટલા વિશાળ વ્યાપ પર મૂકનાર તારકોનાં નામ આપણે નીચે પ્રમાણે ગણાવી શકીએ. કે.ન.કાબરાજી, બ.ન.કાબરાજી, કાવસજી ખટાઉ, કુંવરજી નાઝર, ખુરશેદજી, બાલીવાલા, પીરોજશાહ જહાંગીરજી મર્ઝબાન 'પીજામ', શ્યાવક્ષા દાદાભાઇ શ્રોફ 'ફિરોઝઘર', રતનજી શેઠના, જહાંગીર પટેલ 'ગુલફામ', ડૉ.જહાંગીર વાડીયા, ડૉ.મીનુ લંગડાના, દારા કાપડિયા, ફરામજી બલસારા, ધનજીશા ફરામજી મહેતા 'ગબ્રૂ', મહેરજીભાઇ માણેકજી રતૂરા, મહેરજીભાઇ વિકાજી તથા અદ્યતન કે આજની પારસી રંગભૂમિના નાટયકારોમાં શ્રી અદી મર્ઝબાન, ડૉ.રતન રુસ્તમ માર્શલ, સ્વ.ફિરોઝ આંટિયા, શ્રી દોરાબ મહેતા, શ્રી નરીમાન પટેલ, શ્રી મીનુ નરીમાન, અને શ્રી હોમી તવાડીયાને પ્રધાન નાટયકારો ગણાવી શકાય. પારસી ગુજરાતી ઉપરાંત પારસી હિન્દી નાટયકારોએ પણ પારસી રંગભૂમિની વિશેષ સેવા કરી હતી, તે વિસ્મરી શકાય નહીં. આ નાટયકારોએ પણ રુપાંતરો, પૌરાણિક, સામાજિક, ઐતિહાસિક, મૌલિક નાટકોની રચના કરી સમગ્ર ભારતમાં તેની ભજવણી કરી હતી.

### કેખશરુ નવરોજી કાબરાજી

કેખશરુ નવરોજી કાબરાજી પારસી નાટય સાહિત્યનાજ નહીં પરંતુ સમગ્ર સાહિત્ય જગતના એક શ્રેષ્ઠ સાહિત્યકાર હતાં. નવલકથાકાર, કવિ, સુધારક, પત્રકાર, સંગીતકાર અને નાટયકાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલ આ વિરલ વ્યકિતએ પારસી નાટક અને રંગભૂમિના ઉધ્ધાર માટે ખૂબજ યશસ્વી કાર્ય કર્યું તેને વિસ્મરી શકાય નહીં. 'વિકટોરિયા નાટક મંડળી' ના સ્થાપક કેખશરુ કાબરાજીએ ઇરાની તેમજ ભારતીય પૌરાણિક તેમજ ઐતિહાસિક તવારીખો પરથી નાટય રચના કરી. તદુપરાંત તેમણે સામાજિક અને રુપાંતર નાટકોનું પણ સર્જન કર્યું. તેમનાં નાટકોની નોંધ લેતાં, ધનજીભાઇ લખે છે :

(૧) 'ટાંનક્રેડ અને સૅજિસ મીંડા' - નાટક અભિનિત થયું પરંતુ તેની સાલવારી પ્રાપ્ત થતી નથી.

(૨) 'બેજન-મનીજેહ' - વિક્ટોરિયા નાટક મંડળીએ ઇ.સ.૧૮૬૯ મા ભજવ્યું.

(૩) 'જમશેદ' - વિક્ટોરિયા નાટક મંડળીએ ઇ.સ.૧૮૭૦ માં ભજવ્યું.

(૪) 'ફરેદુન' - દાદાભાઇ ઠુંઠીની 'હિન્દી નાટક મંડળી' માટે ઇ.સ.૧૮૭૪ માં લખાયું. પાછળથી'નાટક ઉત્તેજક મંડળીએ 'એસ્પ્લેનેડ થીયેટર'માં ભજવ્યું હતું.

(૫) 'સૂડી વચ્ચે સોપારી' -'નાટક ઉત્તેજક મંડળી' માટે ઇ.સ.૧૯૭૪ માં ઇરાની રંગઢંગથી તે ભજવાયું.

(૬) 'નળ-દમયંતી' - ઇ.સ.૧૮૭૪ માં 'નાટક ઉત્તેજક મંડળી'એ ભજવ્યું.

(૭) 'હરિશ્ચંદ્ર'-ઇ.સ.૧૮૭૪ માં ગુજરાતીના આદ્ય નાટયકાર શ્રી રણછોડભાઇ ઉદયરામના નાટકના આધારે ચાર અંકમાં રચ્યો.

(૮) 'સીતાહરણ' - કવિ નર્મદના નાટક પરથી જે 'નાટક ઉત્તેજક મંડળી' એ ભજવ્યું.

(૯) 'લવકુશ' - ઇ.સ.૧૮૭૯માં'નાટક ઉત્તેજક મંડળી' માટે રામાયણના આધારે રચ્યું અને પાછળથી તે ભજવાયું.

(૧૦) 'નંદ બત્રીસી' - ઇ.સ.૧૮૮૦માં ભજવાયું.

(૧૧) 'વિનાશ કાળે વિપરીત બુધ્ધિ' ઇ.સ.૧૮૭૯માં અંગ્રેજી નાટક 'હટ ઓફ ધી રેડ હીલ માઉન્ટન' ના આધારે રુપાંતર કર્યું.

(૧૨) 'નિન્દાખાનું' - શેરીડનનાં 'સ્કૂલ ફોર સ્કેન્ડલ'ના આધારે ઇ.સ.૧૮૮૩ માં રચ્યું.

(૧૩) 'ભોલીજાન' - અંગ્રેજી નાટક 'કોલીન બાઉન' પરથી પારસી સંસારી નાટક રચ્યું.

(૧૪) 'કાકા' - પાહલન' - ઇ.સ.૧૮૮૬માં'વિક્ટોરિયા નાટક મંડળીએ ભજવ્યુ.

(૧૫) 'ઓખા હરણ' - શુધ્ધ ગુજરાતી ગાયનોવાળું અપૂર્ણ નાટક.[૧]

પારસી નાટય સાહિત્યના તેમજ રંગભૂમિના ક્ષેત્રમાં તેમણે કેટલાય સુધારા કર્યા છે. શ્રીમતી વિધાવતી નમ્ર કાબરાજી વિષે લખતાં જણાવે છે કે '' નાટક કે ક્ષેત્રમે કાબરાજીને પારસી ગુજરાતી ભાષાકા લટકા, શૈલી, નાટકમે સંગીતકા પ્રવેશ, દેશીનાટક રંગમંચકા સુધાર, વિવિધ ધાર્મિક ક્ષેત્રોસે નાટકોકે વિવિધ રુપ તથા અંગ્રેજી નાટકોકે અનુવાદ રંગમંચકો પ્રદાન કિયે.[૨]

નાટકમાં સંગીતનો પ્રવેશ, ભાષાશુધ્ધિ, શૈલી, નાટકના વિવિધ રુપ તેમજ પાશ્ચાત્ય નાટકોનું અનુવાદ દ્વારા પાશ્ચાત્ય નાટયસૃષ્ટિનું પ્રદાન અર્પી તેમણે રંગભૂમિના પ્રારંભે અનન્ય સેવા બજાવી. '' સંગીત કળાને ખીલવવાનુ તેમજ સંગીતનો શોખ પ્રથમ ઉત્પન્ન કરવાનું અને પારસીઓમાં ગાયનનો જે અભાવ અને ધિક્કાર હતો તે દૂર કરવાનું માન મહુમ શેઠ કેખશરું કાબરાજીને મળે છે.''[3]

ઉપર્યુકત કથન જોતાં નાટયકાર હોવાના નાતે નાટકમાં સંગીતની મહત્ત્વા ઉત્તરોત્તર વધે અને તે સંગીત પણ ઉત્કૃષ્ટ કોટિનુ બની રહે તેવી અપેક્ષા સેવનાર શ્રી કેખશરુએ દેશી સંગીતના માટે સક્રિય કાર્ય કર્યુ. સંગીતનું જ્ઞાન ફેલાવવા તેમણે 'જ્ઞાન પ્રસારક મંડળી'ના ઉપક્રમે વીસ પ્રવચન આપ્યા એટલુંજ નહીં પણ દેશી સંગીતની ચોપડીઓ પણ છપાવી બહાર પાડી. ગુજરાતીના આધ નાટયકાર રણછોડભાઇ ઉદયરામ એમનાથી પ્રભાવિત થયા હતાં. પ્રેક્ષકોની રસ-રુચિ ઓળખ્યા બાદ પણ તેમના મનોભાવ સંતોષાય અને સફળ નાટકો રચાય-ભજવાય તે પ્રવૃત્તિ તેમણે ગંભીરતાપૂર્વક આદરી અને નાટક તેમજ રંગભૂમિના અનિષ્ટો દૂર કરવા ભગીરથ યત્ન કર્યો; જેને પારસી રંગભૂમિના ઈતિહાસમાં મૂળભૂત કાર્યના પુરસ્કર્તા તરીકે ઓળખાવીએ તો અનુચિત નહીં ગણાય.

## બમનજી નવરોજી કાબરાજી

નાટક અને રંગભૂમિનું સંસ્કરણ કરનાર શ્રી કે.ન.કાબરાજીના લઘુ બંધુ બમનજી કાબરાજીએ પણ પારસી રંગભૂમિને સામાજિક,ઐતિહાસિક અને અનુવાદિત નાટકો આપ્યાં. બમનજીને અભ્યાસના પ્રાથમિક ધોરણથીજ નાટક પરત્વે અભિરૂચિ ઉદ્ભવી અને તેમણે 'ખુશરો અને પરીચેહર' નામનું નાટક લખ્યું. આ નાટક તેઓ જયારે ધોરણ પાંચમાં અભ્યાસ કરતા હતાં ત્યારે લખ્યુ અને તેના પચાસ પ્રયોગો થયા. આ નાટકજ તેમનું પ્રથમ સર્જન, જે નિહાળી પન્નાના મહારાજાએ તેમને સુવર્ણમુદ્રિકા ભેટ આપી હતી. રંગભૂમિના પ્રાયોગિક ધોરણે તેમને મળેલી સફળતાના કારણે તેઓ વધુને વધુ નાટકો લખતા રહયાં.

શેકસપિયરના 'હેમલેટ' ના આધારે તેમણે 'ફરામર્ઝ' નામનું ઇરાની નાટક તૈયાર કર્યુ અને 'ઓથેલો'ના આધારે તેમણે 'ઝેબનેઝર અને સીરીન' તૈયાર કર્યુ. આ તૈયાર કરેલ ઇરાની સામાજિક નાટકોનું વસ્તુ સાદુ હોવા છતાંય તેમાં કાબરાજીની

કલ્પના અને પાત્રાલેખનની સુરેખતા સ્પષ્ટ થયા વિના નથી રહેતી. 'લહેરા બહેલા કાકા', 'સુખલાલજીના સંકટો', 'અંધારી રાત્રે મગ કાળા', 'ભૂલો પડેલો ભીમભાઇ', આદિ પ્રહસનો 'નુરેનેડી', 'જુગાર', 'ભોલીગુલ', 'કળજુગ', 'બાગે બહેસ્ત', 'દોરંગી દુનિયા', 'ગામરેની ગોરી', અને 'બાપના શ્રાપ' નામના સામાજિક નાટકોની રચના કરી. 'બાપના શ્રાપ' નાટક પારસી સમાજને અનુલક્ષીને લખાયેલ નાટક છે. જે પૂર્ણરુપે અભિનેય નાટક છે. તેમના નાટકની અભિનેય સિધ્ધિને કારણે તેમના નાટક વધુને વધુ ભજવાયા એટલુંજ નહીં પણ તે દ્વારા પ્રજાનું જન-મન રંજન ઉપરાંત સમાજની બદીઓ પર પણ પ્રહાર કરતા જોવા મળે છે. આ સર્વ તત્ત્વને કારણે કાવસજી પાલનજી ખટાઉ, ખુરશેદજી બાલીવાલા અને જહાંગીર એંજનીયર 'રહેબર' આદિએ તેમના નાટકો ભજવ્યાં. તેમની નાટયસૃષ્ટિ આનંદદાયક, પ્રેરણાદાયક છે. કાબરાજીના નાટકનો મહદ્ અંશ સામાજિક નાટક છે. જે તખ્તા લાયકીની દૃષ્ટિએ સફળ પુરવાર થયા હોવાને કારણે પ્રેક્ષકોનુ આકર્ષણ જન્માવી તેમનામાં સુરુચિનુ સિંચન કરવામા ખૂબજ મહત્ત્વનું પ્રદાન અર્પ્યું. શેકસપિયરના 'સીમ્બેલીન'નું 'મીઠા ઝહેર'ના નામે અનુવાદ કર્યો જે દશ્ય, શ્રાવ્ય અનેવાચ્ય તરીકે સંપૂર્ણ સફળ અનુવાદ ગણાયો.

કાબરાજીના બધાય નાટકમાં 'કળજુગ' અને 'બાપના શ્રાપ' નાટકમાં કલાત્મક આલેખન ઉપરાંત પાત્રોના મનોવ્યાપારોનું સુક્ષ્મ આલેખન થયેલ જોવા મળે છે. જયારે અન્ય નાટકોમા કાબરાજીને ભાષાની મુશ્કેલી પડેલી હોવાને કારણે તેમાં ભાષાદોષ જોવા મળે છે. ઘણીવાર દીર્ઘ સ્વગતોકિત, ઉપદેશ પ્રચુરતા અને વસ્તુ સંકલનના અભાવને કારણે તેમના નાટક ઉપરોકત મર્યાદામાંથી મુકત થઇ શકતા નથી. આ બધાને અંતે પણ તેમના નાટકમાં માનવીના સ્વભાવનું દર્શન, સમાજની બદીઓ તેમજ પ્રશ્નો, ગ્રામ્ય અને નગર જીવન વચ્ચેનું અંતર આદિ સ્પષ્ટ કરી તેઓ વ્યંગ્યાત્મક પ્રહારો દ્વારા દૂર કરવાના પ્રયત્ન કરે છે તેથીજ તેમને જો એક શકવર્તી નાટ્યકાર કહીએ તો તે અત્યુકિત ગણી શકાય નહીં.

'ગામરેની ગોરી' નાટક 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના ઉપક્રમે કાવસજી પાલનજી ખટાઉએ ભજવ્યુ અને ત્યારબાદ બાલીવાલાએ 'વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે સેંકડો વાર ભજવ્યું હતું. ગામડાના અને શહેરના જીવન વચ્ચેનો ભેદ દર્શાવી ગામડાનું સીધું-સાદું અને વિશ્વાસના આધારે ચાલતું જીવન અને શહેરના કિલષ્ટ જીવનનું દર્શન લેખકે કરાવ્યું છે. 'વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ આ નાટકમાં મીસ મેરી ફેનટન અને મુન્નીબાઇ સ્ત્રી પાત્ર ભજવતા હતાં. વળી 'ભોલી ગુલ' એ હેનરીવુડની 'ઇસ્ટલીન' નામની અંગ્રેજી વાર્તાને આધારે તૈયાર કરેલ પારસી નાટક હતું. જેવી રીતે એદુકોલેજરે ડેખશુ

ડાબરાજીની'દુઃખીયારી બચુ' વાર્તાનું નાટયરુપ આપ્યું તેવી રીતે 'ભોલી ગુલ' એ 'ઇસ્ટ લીન'નું પારસી રુપ હતું. જેમ કેખશરુ ડાબરાજીના 'નિંદાખાનું', દુઃખીયારી બચુ' બહુધા ચિરસ્થાયી કૃતિઓ સાબિત થઇ તેમ બમનજી ડાબરાજીના 'ભોલી ગુલ', 'બાપના શ્રાપ' અને 'કળજુગ' કૃતિઓ પણ બહુધા તત્કાલ પૂરતી પ્રબળ અસર કારણ સાબીત થઇ હતી. વીસમા શતકના ત્રીજા દાયકાના પ્રધાન નાટયકાર ડાબરાજીની નાટયકૃતિઓની સંખ્યા પ્રમાણમાં બહુ તેમજ વિષય વૈવિધ્ય વિભિન્ન હોવા છતાં તેમની કૃતિઓ સાહિત્યિક કૃતિઓ તરીકે સાબિત થતી નથી. તત્કાલીન પરિસ્થિતિનું દર્શન કરતાં ડાબરાજીની આ મર્યાદા સ્વાભાવિક એટલા માટે ગણી શકાય કે નાટક અને રંગભૂમિ પરત્વે લોકમાનસને અભિમુખ કરવું તેજ તે પ્રધાન કાર્ય હતું ; જેના કારણે પ્રાકૃત જન-મન રંજન તેમજ ઉપદેશ અર્પી લોકમાનસ્ સુધારવાનીજ નાટયકારની પ્રધાન દૃષ્ટિ હોવાથી તે સ્વાભાવિક આ મર્યાદામાં અંજાણપણે સરી પડતો.

## જહાંગીર નસરવાનજી પટેલ 'ગુલફામ'

નાટક અને નવલકથાના ક્ષેત્રમાં ખ્યાતિ પ્રાપ્ત કરનાર 'ગુલફામ' તાદૃશ પાત્રાલેખન અને સચોટ વાસ્તવિકતાના દર્શન કરાવનાર એક શ્રેષ્ઠ સર્જક છે. નાટક અને નવલકથા ઉપરાંત તેઓ એક ઉચ્ચ કોટીના હાસ્યરસના સર્જક હતાં. તેમણે અઢારેક નાટકો લખ્યાં જેમાં 'ચંડાલ'ચોકડી', 'મસ્તાન મનીજેહ', 'ખાતાલ પાણી','ધન ધન ધોરી', 'સુખલો જામાસ', 'લફંગો લવજી', 'ખૂબીનુ ખોરીયુ', ફાંકડો ફીતુરી', 'વાજતો ઘુઘરો', 'ઢુંવારું મંડળ', આદિને મહત્વના નાટકો ગણાવી શકાય. પારસીઓના નવા વર્ષ શ્રી કેખશરુ ડાબરાજી પછી 'પીજામ' અને 'ગુલફામ'ના નાટકો ભજવાતા. 'ગુલફામ' હાસ્યરસના લેખક હોવાને કારણે તેમના નાટકોમા બોધ કરતા હાસ્યરસનું પ્રાધાન્ય વિશેષ રુપે દેખાય છે. આ બધાને અંતે પણ તેમના આ હાસ્યમાં સંસારની રુઢિયો પર એક સૂક્ષ્મ કટાક્ષ છે. તેમના નાટકને આપણે 'ફારસ' કહીએ તો અનૌચિત્ય નહીં ગણાય. તેમના નાટકોમાં પ્રેક્ષકોના માનસ પર મહાપ્રયત્ને બોધ આરોપવાના સભાન પ્રયત્નો જોવા મળતાં નથી. કિન્તુ હાસ્યની બાબતમાં આપણે કોઇકવાર તેમના નાટકમાં પ્રયત્નપુર્વક ઉપજાવેલુ હાસ્ય જોઇ શકીએ છીએ. પરિણામે એક પ્રકારની કૃત્રિમતા વર્તાય છે. જેના પરિણામે તેમના નાટકો દશ્ય અને શ્રાવ્ય તરીકે સફળ હોવા છતાં સુવાચ્ય નથી.

તેમના નાટ્યસાહિત્યના સર્જનમાં તેમના પ્રત્યેક નાટકમાં હાસ્યરસને નિષ્પન્ન કરવાનીજ તેમની દૃષ્ટિ રહી હોવાને કારણે તેમના નાટકો વિષય વૈવિધ્ય પ્રાપ્ત થતું નથી.

તેમના સારા ગણાવી શકાય તેવા નાટકોમાં 'ફાંકડો ફીતુરી', 'પાતાલ પાણી' આદિને ગણાવી શકીએ જેમાં તેમની હાસ્યશકિત તેમના પૂર્વ કાલીન નાટયકારો કરતા બહુધા ઉચ્ચતર હોવા છતાં પણ હાસ્યરસ ઘણીવાર કથળી જતો જોવા મળે છે. પારસી નાટક મંડળીઓ દ્વારા તેમના નાટકો સફળતાપૂર્વક ભજવાતાં તેઓને એક સફળ નાટયકાર ગણી શકાય. દૃશ્ય અને શ્રાવ્ય બન્ને ધોરણે તેમના નાટકો યોગ્ય પુરવાર થાય છે. મીસ મડાતી પીલાને તેમના નાટકો 'સાહિત્યિક દૃષ્ટિએ અને કસોટીએ' નિષ્ફળ નાટકો લાગે છે.[૪] આના અનુસંધાનમાં એટલુંજ કહેવાનું રહે તત્કાલીન નાટ્ય જગતની સૌથી મોટી અપેક્ષા એ હતી કે લોકોને નાટયાભિમુખ કરવા. નાટકકારોની સ્થિતિ ખાસ કરીને 'મુનશી' જેવી હતી. કંપનીના માલિકો વ્યાવસાયિક ધોરણે નાટક ભજવતા હોવાને કારણે પ્રેક્ષકોની રુચિને સતત ધ્યાન રાખી નાટક લખાવતા અને ભજવતા. આ પરિસ્થિતિમાં નાટકકાર પાસેથી આપણે સાહિત્યિક અપેક્ષા ન સંતોષાય એ સર્વ વિદિત છે. પરિણામે સાહિત્યિકોના આગ્રહની અપેક્ષા અસ્થાને અને અકાળે કરી તે ન સંતોષાતા તેનો દોષ નાટ્યકારને ઓઢાડવો તે યોગ્ય નથી. ગુલફામના નાટકો સફળ અભિનેય નાટકો છે. અને આ અભિનેયતા તેજ તેમની નાટ્યકાર તરીકેની શ્રેષ્ઠ સિદ્ધિ.

આ ઉપરાંત ગુલફામ સારા એકાંકીકાર હતા. શ્રી જશવંત શેખડીવાળા તેમના એકાંકી વિષે નોંધે છે કે "ગુલફામના એકાંકી પણ ખડખડાટ હસાવે તેવા ફારસ છે. અંગ્રેજી ફાર્સ ઉપરાંત ફિલ્મોનોય તેમના પર પ્રભાવ છે. પાશ્ચાત્ય એકાંકીકલાની તેમને જાણકારી ઘણી છે."

## ફરામજી દાદાભાઇ પાંડે (કાકા કહાણ)

ઓગણીસના શતકના અગ્રગણ્ય સાહિત્યકારોમાં ફરામજી દાદાભાઇ પાંડેનું સ્થાન મહત્વનું છે. એક વિવેચક અને ચિંતક તરીકે ખ્યાતિ મેળવનાર કાકા કહાણની માત્ર એકજ નાટિકા મળે છે. જે તેમની પ્રથમ સાહિત્ય કૃતિ હતી. પારસી નાટય સાહિત્યમાં 'શાહનામા'ના વસ્તુ પર આધારિત નાટક, નવલ અને નવલિકાનું સર્જન થયું છે. પ્રત્યેક પારસીને 'શાહનામા'નું એક અપૂર્વ આકર્ષણ રહયું છે. કાકા કહાણનું સાહિત્યના ક્ષેત્રમાં આગમન પણ આજ કથાવસ્તુ પર આધારિત 'જમશેદ અને સમજવાઝ' નામની નાટિકા દ્વારા થયુ જેમાં તેમણે જમશેદનું વિરોચિત પાત્ર તાદૃશ કર્યું. ઇરાનના ઇતિહાસનું આ ભવ્ય પાત્ર તેમના દ્વારા ચિત્રિત થતાં તે પાછળથી સવને પ્રેરણાદાયી સાબિત થયું.

## એદલજી જમશેદજી ખોરી

ઈંગ્લેન્ડ જઇ અભ્યાસ કેળવનાર એદલજી ખોરીએ પારસી રંગભૂમિને પોતાના નાટકો અર્પી યત્કિંચિત્ સેવા અર્પી હતી. 'વિક્ટોરિયા નાટક મંડળી'મા ઉપક્રમે યોજાયેલ નાટ્યસ્પર્ધામાં ભાગ લઇ 'રુસ્તમ સોહરાબ' નાટકની રચના કરી, રુ.૩૦૦/ નું ઇનામ પ્રાપ્ત કર્યું હતું. આ નાટકનું સૌથી આકર્ષક તત્ત્વ તે તેમાં થયેલું કરુણ રસનું આલેખન. તદુપરાંત 'કામાવતી' નામની હિન્દી વાર્તા પરથી રચેલ નાટકનું બેહેરામજી મર્ઝબાને ઉર્દૂમાં 'સોનાના મૂળની ખોરશેદ'ના નામે અનુવાદ કર્યો. ત્યારબાદ 'નૂરેજહાન' નાટકનો પણ ઉર્દૂ અનુવાદ થયો. આ ઉપરાંત તેમણે 'ખોદાબક્ષ', 'હજામબાદ ઠગનબાજ' આદિ નાટકોની રચના કરી 'વિક્ટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે તેમના નાટકો સફળતા પૂર્વક ભજવાયા. 'વિક્ટોરિયા નાટક મંડળી' ઉપરાંત ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી નાટકો ભજવ્યાં હતાં. 'વિક્ટોરિયા નાટક મંડળી'ને લઇ કુંવરજી નાઝરે જ્યારે દિલ્હીની સફરે ઉપડયા ત્યારે તેમણે પોતાની 'એલફીન્સ્ટન કલબ'ના દિગ્દર્શક તરીકે દાદાભાઇ ઠુંઠીને રોકયા હતાં. દાદાભાઇ ઠુંઠી દિગ્દર્શક બનતાં તેમણે એદલજી ખોરી પાસે 'સીતમગર યાને નેકબખ્ને વગાડેલા બાર'નામના નાટકની રચના કરાવી તેને એલફીન્સ્ટનના ઉપક્રમે ભજવ્યો. આ નાટકમાં સીતમગરની ભૂમિકા દાદાભાઇ ઠુંઠીએ પોતે કરી હતી. આ નાટક મુંબઇમા ઘણીવાર સફળતાથી ભજવાયું.

એદલજી ખોરીના નાટકોમાં 'રૂસ્તમ-સોહરાબ', 'જાંગીર', 'ખોદાબક્ષ', 'નૂરેજહાન','હજમબાદ અને ઠગનબાજ', 'ગુલબંકાવલી' 'સોનાના મૂલની ખોરશેદ' આદિ મહત્વના નાટકો ગણી શકાય.

'રુસ્તમ સોહરાબ' નાટક 'વિક્ટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે જ્યારે ભજવાયો હતો ત્યારે ખુરશેદજી બાલીવાલાએ 'ગોર્દ આફ્રીદ'નું પાત્ર ખૂબજ પ્રશંસનીય રીતે ભજવ્યું હતું.

નાટકકાર એદલજી ખોરી ઉર્દૂ જાણતા ન હોવાથી તેમના નાટકનો ઉર્દૂમાં અનુવાદ 'સોનાના મૂલની ખોરશેદ'ના નામે બેરામજી મર્ઝબાને કર્યો અને દાદી પટેલ 'વિક્ટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે તે ભજવ્યો. અંતે ઉર્દૂ નાટકની ભજવણીના યશના એક ભાગીદાર તરીકે એદલજી ખોરીનું નામ પારસી રંગભૂમિના ઇતિહાસમાં અવિસ્મરણીય રહેશે.

## નાનાભાઇ રુસ્તમજી રાણીના

'મહારાજ લાયબલ' કેસમાં કરસનદાસ મૂળજીને અંતે સુધી મદદ કરનાર એક સમર્થ પત્રકાર, નિબંધકાર, નટ-નાટયકાર-દિગ્દર્શક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરનાર નાનાભાઇ રાણીના પણ એક સમર્થ નાટયકાર હતાં તેમણે સામાજિક તેમજ પૌરાણિક નાટકોની સાથે 'ઓથેલો' અને 'કોમેડી ઓફ એરર્સ'ના અનુવાદ પણ કર્યા હતાં.

નાનાભાઇ રાણીનાએ ઐતિહાસિક સામાજીક અને પૌરાણિક નાટકો લખ્યા હતાં. ભારતીય પુરાણ કથા પર આધારિત 'સાવિત્રી' નામનુ શ્રેષ્ઠ નાટક તેમણે લખ્યું. 'કાળામેંઢા' અને 'હોમલો હાઉ' નામના તેમના સામાજિક નાટકમાં અનુક્રમે પારસી કોમને સ્પર્શતી ઘટનાનું નિરુપણ અને સામાજિક ઉપહાસનું તત્ત્વ જોવા મળે છે. આ ઉપરાંત 'નાંજા શીરીન' અને 'વહેમાએલી જર' નામના નાટકો તેમણે લખ્યાં જેના અંગ્રેજીમાં અનુવાદ થયા હતાં.

નાનાભાઇ રાણીના માત્ર નાટ્યકારજ ન હતાં તેઓ કુશળ અભિનેતા પણ હતાં. તેમણે તેમના નાટકો દિગ્દર્શિત કરી ભજવ્યાં હતાં. જ્યારે 'ન્યુ આલ્ફ્રેડ મંડળી'ની સ્થાપના થઇ ત્યારે નાનાભાઇ રાણીના તે કંપનીનું મહત્વનું અંગ બની રહયા હતાં. શ્રી રાણીનાની સાથે 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના માણેકજી જીવણજી માસ્તર અને વિખ્યાત નટ-દિગ્દર્શક સોરાબજી ઓગરા પણ હતાં. આ કંપનીના ઉપક્રમે મહાભારત, રામાયણ, લવકુશ 'ભુલ ભુલૈયા', 'દીલફરોશ' (મર્ચંટ ઓફ વેનિસ પરથી),'ખુબસુરત બલા'આદિ નાટકો ભજવાયા હતાં.

'આલ્ફ્રેડ નાટક મંડળી'નુ સંચાલન હાથમાં લીધા બાદ નાણાની સલામતી માટે માણેકજી જીવણજી માસ્તર, કાવસજી પાલનજી ખટાઉ અને મહમ્મદઅલી વોરાને કંપનીના ભાગીદાર તરીકે રાખ્યા હતાં માણેકજી માસ્તર જેઓ 'માણેકજી-પીરાંને'ના નામે ઓળખાતા હતાં. તેઓ ખૂબજ પ્રામાણિક હોવાથી રાણીનાને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ હતો. કંપનીનો નાણાં સંબંધી સમગ્ર વહીવટ માણેકજી માસ્તરજ સંભાળતા હતાં.

નાનાભાઇ રાણીનાના 'નાજાં શીરીન' નામના નાટકમાં મીસ મેરી ફેનટને સુધરેલી શીરીનનું પાત્ર એટલું સફળ રીતે ભજવ્યું હતું કે લાંબા સમય સુધી તે પાત્ર ચીર-સ્મરણીય બની રહયું હતું. કાવસજી ખટાઉની તાલિમના કારણે કોઇપણ વ્યકિત તેને ભાગ્યેજ યુરોપીયન સ્ત્રી છે એમ સમજી શકે. માત્ર આ નાટકની સફળ ભજવણીજ નાનાભાઇ રાણીનાને શ્રેષ્ઠ નાટ્યકાર તરીકે પુરવાર નથી કરતી.૬

આલ્ફ્રેડ નાટક મંડળીના ઉપક્રમે ભજવાયેલ 'ભુલ ભુલૈયા' નાટકમાં રેલ્વેનું ઇલ્યુઝન દેખાડવામાં આવેલું જેમાં સ્ટેજ પર આવેલી ટ્રેનમાંથી પાત્રો ચઢતા-ઉતરતા પણ બતાવવામાં આવ્યા હતા. જ્યારે 'મર્ચંટ ઓફ વેનિસ' પરથી તૈયાર થયેલ નાટક 'દીલ ફરોશ'માં વેનિસના દેખાવ ખાતર નાની બોટ ચાલતી બતાવેલી જેમાં હીરોઇનને બેસાડી લઇ જવામાં આવતી. આ બધાં નાટક ગ્રાંટરોડની નાટક શાળામાં ભજવાયાં હતાં.૭

અંતે સ્વ.નાનાભાઇ રાણીનાએ નાટ્યકાર-અભિનેતા-દિગ્દર્શક તરીકેની પોતાની શકિતઓ દ્વારા નાટ્યનિર્માણની પ્રવૃત્તિઓને વેગ આપી રંગભૂમિની ઉજ્જવળ સેવા કરી.

## પીરોજશાહ જહાંગીરજી મર્ઝબાન 'પીજામ'

'પીજામનું ઉપનામ ધારણ કરનાર પીરોજશાહ જાહાંગીરજી મર્ઝબાન સ્વયં એક નાટ્યકાર ઉપરાંત 'જામે-જમશેદ'ના તંત્રી-પત્રકાર, નવલકથાકાર તરીકે પણ ખ્યાતિ પામ્યા હતાં. પત્રકાર તરીકેની તેમની કારકીર્દિ કેખશરુ કાબરાજી અને 'મનસુખ' કરતાં પણ ઉજ્જવળ કહેવાય છે. તેમણે રચેલા નાટકોમાં 'હેન્ડસમ બ્લેગાર્ડ', 'માજનદરાન', 'મેડમ ટીચકુ', 'અફલાતુન', 'મચ્છઇ મોહરો', 'માસીનો માકો', 'કુકી-આઇ સાસુનુ કાને કંસાઉ' આદિ અતિ પ્રસિધ્ધિ પામેલ નાટક છે.

પીજામના નાટકની વસ્તુ સંકલના અને રસનિરુપણ સુંદર હોવા છતાં તેમાં આવતી દીર્ઘ વાકય રચના નાટકની ગતિને મંદ પાડી દે છે. વધુ પડતાં લાંબા વાકયોથી નાટક દ્વારા ધારેલી નાટકીય અસર ઉપસાવી શકાતી નથી. નાટકનું વસ્તુ બોધક અને નિતિમય હોવાને કારણે તેમના નાટકો દ્વારા તેમણે સમાજના અનિષ્ટોની આરસી સમાજ સમક્ષ રજૂ કરી. તેમના નાટકોનો મુખ્ય રસ હાસ્યરસ છે. જે દ્વારા મનોરંજન પાર પાડવાનો હેતુ પણ સિધ્ધ થતો દેખાય છે. કેખશરુ કાબરાજીનું 'નિંદાખાનું', બમનજી કાબરાજીનુ 'બાપના શ્રાપ' પીજામનું 'માસીનો માકો' ગુલફામનું 'વાજતો ઘુઘરો' આદિ પારસી નાટ્ય સાહિત્યની અમર કૃતિઓ છે. જેની વિશિષ્ટતા એ છે કે તે તત્કાલીન સમાજને અનુરુપ લખાયા હોવા છતાં આજે પણ એટલાજ અર્વાચીન સાબિત થાય છે.

શ્રી જમશેદજી માદને 'માદન થિયેટર્સ'ના ઉપક્રમે 'પીજામ'ના ઘણાય નાટકો સફળતાપૂર્વક ભજવ્યા હતાં.

વીસમી શતાબ્દીના ઉતરાર્ધના શ્રેષ્ઠ નાટ્યકારોમાં શ્રી પોચખાનવાળા, પીજામ

અને ગુલફામને ગણાવી શકીએ. આ નાટ્યકારો પારસી આલમમાં ખૂબજ લોકપ્રિય થઇ પડેલા. શ્રી પોંચખાનાવાળાના નાટકો ('રિસ્તાખેજ') પણ પીજામની જેમ માદન થિયેટર્સના ઉપક્રમે ભવ્ય રીતે ભજવાયા હતાં.

પીજામ અને ગુલફામનાં નાટકો હાસ્યપ્રધાન નાટકો છે. આ નાટકોમાં કવચિત હાસ્ય કથળી જતો જોવા મળે છે. કિન્તુ તેની સાથે તે નાટકોમાં થયેલ માનવસ્વભાવનુ નિરુપણ નાટકની વિશિષ્ટ અંગ બની રહે છે, તે સહર્ષ નોંધવું ઘટે. નૃત્ય-સંગીત અને ભવ્યતા આદિ તત્ત્વો પાશ્ચાત્ય નાટકોની અસરને કારણે તેમના નાટકમાં જોવા મળે છે. તત્કાલીન નાટ્યકારો પર બહુધા પાશ્ચાત્ય નાટ્યની અસર ઓછે-વત્તે અંશે જોવા મળે છે. પરિણામે ગુલફામે કે પીજામે તે અસરો ઝીલી હોય તો તેના થકી તેમનું નાટ્યકાર તરીકે મૂલ્ય અલ્પ બની રહે તે નાટક તેમજ નાટ્યકાર બન્ને પરત્વે માત્ર અન્યાય બની રહે.

## જહાંગીરજી પેસ્તનજી ખંભાતા

પારસી રંગભૂમિના કેટલાક મહાન અભિનેતા, દિગ્દર્શક અને નાટ્યકારો થઇ ગયા. તેમા જહાંગીર ખંભાતાનું સ્થાન મહત્વપૂર્ણ ગણી શકાય. નટ અને નાટ્યકારના ઉમદા ગુણોનો સમન્વય તેમનામાં સુયોગ્ય રીતે થયેલ હોવાને કારણે કેખશરુ કાબરાજી ખુરશેદજી બાલીવાલા પછીની મહત્ત્વની પ્રતિભાઓમાં જહાંગીર ખંભાતાને પ્રથમ હરોળમાં મૂકી શકાય. શ્રી જહાંગીર ખંભાતાનાં નાટકો અંગ્રેજી નાટકના અનુવાદ હોવા છતાં તે નાટકોનું વાતાવરણ તો પારસી કોમનુંજ વાતાવરણ છે.[૮]

તેમના ઉત્કૃષ્ટ નાટકો નીચે પ્રમાણે ગણાવી શકાય. 'જાદૂઇ ઝઘડો', 'માકોભીલ', 'મેડ હાઉસ', 'કોહીયાર કન્ફયુઝન' અને 'ધરતીકંપ' આ નાટકોમાં હાસ્યની સાથે લેખકનુ ઉદ્બોધનાત્મક વલણ પણ સ્પષ્ટ વર્તાય છે. મનુષ્યસ્વભાવની ખાસીયતો - વિશિષ્ટતાઓ અને મર્યાદાઓનું નિરુપણ કરવાનું નાટ્યકાર તરીકેનું તેમનું કર્તવ્ય તેઓ ચૂકયા નથી. તેમના પ્રહસનોમાં 'ટીટ ફોટ ટેટ' અને 'મંગલીઆ માટી' ને ગણાવી શકાય. આ બધાજ નાટકો અભિનેયતા ધરાવતા નાટકો છે.

શ્રી જહાંગીર ખંભાતા કુશળ અભિનેતા અને નાટ્યકાર હોવાને કારણે તેમના નાટકમાં યથાર્થતાનું તત્ત્વ વિશેષરુપે જોવા મળે છે. નાટક અને રંગભૂમિની દુનિયામાં કેટલાય કલાકારોને તેમણે તૈયાર કર્યા જેઓએ પાછળથી મહાન અભિનેતા-દિગ્દર્શક-માલિક બની પારસી રંગભૂમિના ઉત્કર્ષમાં મહાન ફાળો આપ્યો. આવા તેમના હાથ નીચે તાલીમ પામનાર

કલાકારોમાંના એક તે કાવસજી પાલનજી ખટાઉ.જહાંગીર ખંભાતાના પિતા હીરજીભાઇ ખંભાતા એક એમેચ્યુઅર્સ એકટર અને ડીરેકટર તરીકે ખ્યાતિ પામ્યા હતાં. તેમના સહવાસને કારણે તેમની નાટયાભિમુખતા વધતી ગઇ અને અંતે કેખશરુ કાબરાજીના 'જમશેદ'નાટકમાં 'અરનવાઝ'નું પાત્ર ભજવી પોતાની કારકિર્દી શરુ કરી. નાટકની દુનિયાના આ પાત્રમાં શ્રેષ્ઠતમ ગુણો રેડવામાં કેખશરુ કાબરાજી અને દાદાભાઇ ઠુંઠીએ ભારે જેહમતો ઉઠાવી હતી.૯

વિકટોરિયા નાટક મંડળી'ના દિલ્હીના પ્રવાસ દરમ્યાન તે કંપનીથી છૂટા પડી કાવસજી ખટાઉ અને નસરવાનજી સરકારીની મદદથી અને અન્ય આર્થિક મદદ પ્રાપ્ત થતાં તેણે નવી નાટક મંડળીની સ્થાપના કરી તેનું નામ 'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રીકલ કલબ' રાખવામા આવ્યું હતું. આ નાટક મંડળીના ઉપક્રમે 'ભગલો હજામ' નામનું પ્રહસન ભજવાયુ હતું.

રંગભૂમિની દુનિયામાં જહાંગીરજી ખંભાતા ખૂબજ ' Strict Director ' તરીકે વિખ્યાત હતાં. તેઓનું જીવન સમગ્ર રીતે તેમણે રંગભૂમિના ચરણે અર્પ્યું હતું. તેઓ Born Actor હતા પણ કમનસીબ પણ હતાં. પરિણામે તેમણે જે યત્ન કર્યા તેમાં નિષ્ફળતાજ મળી. નાટક અને રંગભૂમિની સમગ્ર ચર્ચા કરતું 'મ્હારો નાટકી અનુભવ' એ પારસી રંગભૂમિનું એક અનેરુ આભૂષણ બની રહે છે.

## ખુરશેદજી મહેરવાનજી બાલીવાલા

વ્યાવસાયિક ધોરણે નાટક મંડળી અને નાટયપ્રવૃત્તિ અપનાવનાર પારસી કલાકારોમાં ખુરશેદજી બાલીવાલા એક શ્રેષ્ઠ અભિનેતા, ગાયક, દિગ્દર્શક, સંગીતકાર, હાસ્યકલાકાર, સહૃદયી માલીક અને નાટયકાર હતા. નાનપણથીજ નાટકનુ ઘેલું લાગેલ આ કલાકારે શ્રી કેખશરુ કાબરાજીના 'બેજન-મનીજેહ'માં કોબાદની ભૂમિકા ભજવી 'ખુશરુ કોબાદ'ના નામે ખ્યાતિ પ્રાપ્ત કરી. 'રુસ્તમ સોહરાબ'માં 'ગોર્દ આફ્રીદ'નું પાત્ર, 'સોનાના મુળની ખુરશેદ'માં 'ફીરોઝ'નું પાત્ર, 'ભોલીજાન'માં 'હીજો તાડીવાળો'નું પાત્ર, તકદીરની તાસીર'માં નસરવાનજી એશકી'નુ પાત્ર આદિ અનેક અમર નાટકોમાં શ્રેષ્ઠતમ ભૂમિકા ભજવી પોતાને શ્રેષ્ઠ કોટિના કલાકાર સાબિત કરી બતાવ્યા. તેમનામાં રહેલી ઉચ્ચ કોટિની શકિતના પરિણામે તેઓ છેવટે 'વિકટોરિયા નાટક મંડળી'ના માલીક બની પોતાની સિધ્ધિના ઉન્નત શિખરે બિરાજ્યા હતાં.

શ્રેષ્ઠ અભિનેતા હોવા ઉપરાંત તેમણે નાટ્યસર્જન પ્રવૃત્તિ પણ આદરી હતી. પોતે

કુશળ કલાકાર હોવાને કારણે રંગભૂમિનો પ્રત્યક્ષ પરિચય તેમને હતો. પરિણામે તેમના નાટકો સંપુર્ણ અભિનેય નાટકો છે. તેમના નાટકોમાં 'અસલાજી' અને 'નાજા ઉર્ફે તારાજુએ આમળ'. આ નાટકો હાસ્ય-કરુણ મિશ્રિત ઉદ્દબોધનાત્મક નાટકો પ્રતીત થાય છે. 'નાજા' નાટક શુધ્ધ ઉર્દૂમાં લખવાનો તેમનો પયાસ પ્રશંસનીય ગણી શકાય. મુનશી વિનાયકપ્રસાદ 'તાલીબ' સાથેના સંબંધોને કારણે બાલીવાલા ઉર્દૂ પર પ્રભુત્વ મેળવવામાં વધુ સફળ થયા હોવા જોઈએ. પોતે સ્વયં સંગીતકાર હોવાને કારણે તેમના નાટકોનું સંગીત તેઓ પોતેજ રચતા.

ખુરશેદજી બાલીવાલા સારા એકાંકીકાર પણ હતાં.તેમના વિશે શ્રી જશવંત શેખડીવાળા લખે છે તે પ્રમાણે 'બાલીવાળાની એક નમુનેદાર કૃતિ છે 'મતલબબહેરો' (બી.આ.૧૯૦૩) વાંચતા-ભજવતા ખડખડાટ હસાવે તેવું આ ફાર્સ એક-અંકી છે. તેનું વસ્તુ અનોખું છે.[૧૦] આ ઉપરાંત તેમના અન્ય એકાંકીમાં 'કાવલાની કચુંબર', ગુસ્તાદ ઘામટ ' આદિ એકાંકીઓ પણ પ્રકાશિત થયેલ છે.

નાટક અને રંગભૂમિના સમસ્ત પરિબળોના ઉત્કર્ષમાં શ્રી બાલીવાળાએ અનેક સફળ પ્રયોગો કર્યા.

રંગભૂમિ પર બપોર નાટક ભજવવાની શરુઆત તેમણે 'ચવ ચવનો મુરબ્બો'ની ભજવણી કરી શરુઆત કરી. આ પ્રયોગ હાસ્યપૂર્ણ રહેતો અને કંપનીનો સર્વ સરસામાન બીજા શહેરમાં ખસેડવાનો હોય અને કંપની જવાની હોય ત્યારે આ પ્રકારનો પારસી સંસારી ફારસ ભજવી પ્રેક્ષકો અને કંપની બન્ને માટે સુયોગ્ય રસ્તો બાલીવાળાએ કાઢયો હતો. 'ચવ ચવનો મુરબ્બો' ઉપરાંત 'મારી બઈરીનો ગળે બંધ', 'ચાલ મારા બાપ', 'ગુસ્તાદ ઘામટ', 'ફેનસી બોલ' અને 'નાજા શીરીન' આદિની ભજવણી પણ કરી હતી. વળી 'ડ્રોપસીન' પાડવાનો રીવાજ શરુ કરી નાટકમાં સંગીત તત્ત્વ ઉમેરવાનો અવકાશ ઊભો કર્યો હતો.

પોતાની બુધ્ધિ, શકિત, ધીરજ અને આત્મભોગથી બાલીવાળા અંતે 'વિકટોરિયા નાટક મંડળી'ના એકલા માલિક બન્યા. ઇ.સ.૧૯૦૬ માં તેમણે 'બાલીવાળા ગાન્ડ થિયેટર' બાંધી રંગભૂમિની દુનિયાને વિકસવાના સુયોગ્ય વાતાવરણનો વધારો કર્યો. માત્ર ભારતમાંજ નહી પણ વિદેશમાં મંડળી સહિત પ્રવાસો કરી રંગભૂમિની ઉમદા સેવા કરનાર આ મહાન કલાકાર 'હિંદના એરવીંગ' તરીકે વિભૂષિત થયેલા. ઇ.સ.૧૯૧૩ માં ૬૧ વર્ષની વયે અર્ધાંગને કારણે તેઓનો સ્વર્ગવાસ થયો હતો.

## શ્યાવક્ષા દાદાભાઈ શ્રોફ ('ફીરોઝગર')

'ફીરોઝગર'ના ઉપનામની પ્રસિધ્ધિ પામેલા શ્યાવક્ષા શ્રોફ પારસી નાટક અને રંગભૂમિના એક અચ્છા કલાકાર-નાટયકાર અને પારસી રંગભૂમિના અભ્યાસી હતાં. તેમના મહત્ત્વની નાટ્યકૃતિઓમાં 'કરોડપતિ કંજૂસ', 'સીવીલ મેરેજ', બેરોનેટનો બેટો', 'ધર્મી ધૂતારો', 'મોટે ઘેરની મીઠું', 'સરજત','બનવાકાળ', 'રતી મડમ', અને 'મફતની મીસીસ', આદિ નાટકોને ગણાવી શકાય.

ફીરોઝગર માનવી જીવનના સૂક્ષ્મ અભ્યાસી હોવાને કારણે તેમના નાટકો અભિનેયની સાથે કલાત્મક આલેખનયુકત બની શકયા છે. પારસી રંગભૂમિ પર તેમના નાટકો સતત ભજવાતા રહયાં હતા. અલબત્ત તેમના બધાજ નાટકો પુસ્તકાકારે પ્રસિધ્ધ થયા નથી. વીસમી શતાબ્દીના પ્રથમ બે દાયકાના પારસી નાટયસાહિત્યના તેજસ્વી તારલા તે રતનજી ફરામજી શેઠના અને ફીરોઝગર.

તત્કાલીન સમાજની સમસ્યાઓને તેમણે તેમના 'બેરોનેટનો બેટો', 'ધર્મી ધૂતારો', 'સીવીલ મેરેજ', અને 'મોટે ઘેરની મીઠું' નાટકમા રજૂ કરી સમાજની નીતિમત્તાને સંસ્કારી તેનો ઉત્કર્ષ સાધવાના પ્રયત્ન તેઓ નાટ્યસાહિત્યને ચરણે જીવન સમર્પી કરતાં રહયાં. 'સીવીલ મેરેજ' અને ધર્મી ધૂતારો' નાટક દ્વારા તેઓ કેખશરુ કાબરાજી,બમનજી કાબરાજી, ગુલફામ, પીજામ આદિ સફળ નાટયકારોની હરોળમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી દિધું. 'ધર્મી ધૂતારો' અને 'સીવીલ મેરેજ' નાટકમાં વાસ્તવવાદી નાટ્યશૈલી તેમણે અપનાવી તેમણે પણ રતનજી શેઠનાની જેમ વાસ્તવવાદ પ્રતિનિધિ તરીકે 'પારસી નાટક તખ્તો' નામનાં તેમના પુસ્તકમાં તેમણે દોઢસો વર્ષની પારસી રંગભૂમિનો ઇતિહાસ રજૂ કર્યો છે.

## જહાંગીર ડી એંજીનીયર - 'રહેબર'

કાબરાજી બંધુઓ, ગુલફામ, પીજામાદિ નાટ્યકારો પછીના નવીન પેઢીના નાટયકારોમાં રતનજી શેઠના, ફીરોઝગર, ડૉ.જાહાગીર વાડીયા, ડૉ.મીનુ લંગડાના, દારા કાપડીયાં, ધનજીશા મહેતા 'ગબ્ર', સોરાબજી બામજી આદિ નાટયકારોમાં જહાંગીર એંજીનીયર 'રહેબર' પોતાની નાટ્યસૃષ્ટિ દ્વારા ઉચ્ચ શિખરો સર કરે છે.

તેમની મહત્વની નાટ્યકૃતિઓમાં 'હાઉસ ઓફ નોનસેન્સ', 'ખૂબ સૂરત ખવીસ', જરથોસ્તી જીગર', 'ગોરી નાગણ', 'દુ:ખી દાદીબા', આદિ હાસ્ય તેમજ કરુણ નાટકોનું

સર્જન તેમણે કર્યું છે. 'હાઉસ ઓફ નોનસેન્સ'ના હાસ્યરસને બાદ કરતાં તેમના અન્ય નાટકો બહુધા લેખક સફળતાને વર્યા છે. આ નાટકોમાં નિરુપેલું નીતિતત્ત્વ અને બોધ પ્રધાનતા દ્વારા લેખકે સમાજની તેમજ સ્ત્રી જીવન વિષયક ('ગોરી નાગણ, દુઃખી દાદીબા) સમસ્યાઓની રજૂઆત કરવાના પ્રયત્ન કર્યા છે. 'હાઉસ ઓફ નોનસેન્સ'મા રહેબરે હાસ્ય નિષ્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે સ્થૂળતાથી આગળ વધી શકતો જોવા મળતો નથી. 'ગોરી નાગણ', 'દુઃખી દાદીબા' અને 'ખૂબ સુરત ખવીસ' નાટકોની કેટલીક મર્યાદાઓ બાદ કરતાં આ નાટકોમા આધુનિક નાટયકાર તરીકેનો બધાજ અંશો નિરુપામેલા જોવા મળે છે.

## મહેરજીભાઇ માણેકજી રતુરા

નાટકકાર તરીકે લગભગ અજાણ એવા મહેરજીભાઇ રતુરા પારસી નાટયજગતના એક પ્રગલ્ભ નાટકકાર હતાં. 'મહાત્મા મહિમા', 'દેવદાસનું દેવાલય', 'ગૃહસ્થ', 'વાનપ્રસ્થ' અને ભાગવત ભાવના', આદિ નાટકોની રચના કરી. તેમની નાટ્યરચના પાછળ તેમનો સૂક્ષ્મ અભ્યાસ જોવા મળે છે. સામાજિક રહસ્યોનું દર્શન કરાવતા રતુરાના નાટકમા કથાવસ્તુ અને પાત્રાલેખનમાં લેખકનો કસબ ખીલી ઉઠયો છે. તેમના નાટકો અતી દીર્ઘ છે. વળી લાંબા સંવાદોનું આલેખન નાટકની મર્યાદા બની જાય છે.

મહેરજીભાઇ રતુરાની જેમ અરદેશર મહેરજીભાઇ વિકાજીનું પ્રેમરાય નાટક પણ એક ગીતયુકત અને શુધ્ધ ગુજરાતીનો આગ્રહ સેવતું નાટક ગણી શકાય.

## રતનજી ફરામજી શેઠના

પીજામ અને ગુલફામના સમકાલીન રતનજી ફરામજી શેઠનાએ પણ પારસી નાટ્ય સાહિત્યની ઉન્નત સેવા કરી. તેમની મહત્વની નાટ્યકૃતિઓમાં 'સુંદર બહેન', 'ખુદા પર સબર', 'પાક જાત પરીન', 'રમતા પેંચીં ભુલ થાય', 'દીનદાર દીના', 'જલતું જીગર', 'સહનશીલ પીરોજા', 'ગુલ મુશરો', અને 'રોશન ચેરાગ' આદિને ગણાવી શકાય. આ નાટકો શ્રાવ્ય તરીકે સુરેખ હોવાની સાથે અભિનેય પણ છે. 'રોશન ચેરાગ', 'પાકજાત પરીન', 'જલતું જીગર' અને 'દીનદાર દીના' નાટકો પારસી સંસારી કોમનું સૂક્ષ્મ વર્ણન કરેલું જોવા મળે છે.[૧૧] સામાજિક અને ઐતિહાસિક નાટકોની રચના કરી નાટક અને રંગભૂમિના ઉત્કર્ષમાં તેમણે અનન્ય ફાળો આપ્યો છે. 'પાક જીત પરીન' નાટકમાં

તેમણે વાસ્તવવાદી નાટ્યશૈલીનો ઉપયોગ કરેલ જોવા મળે છે. સામાજિક જીવનની વિટંબણાઓ, માનવની જુગાર, દારુ આદિ અનિષ્ટને કારણે થતી પડતી, અમીરી-ગરીબી વચ્ચેનું અંતર અને સંઘર્ષ, બેકારી કુદરત રુઠે ત્યારે માનવીની થતી દયનીય સ્થિતિ આદિ અનેક તત્ત્વોનું નિરુપણ તેમણે તેમના નાટકમાં કરી નાટ્ય-રંગભૂમિ અને સમાજ જીવનના સ્તરને ઉત્કૃષ્ટ બનાવવાના જે પ્રયત્ન કર્યા તે વિસ્મરીના શકાય.

રતનજી શેઠનાને રંગભૂમિનું આકર્ષણ વિશેષ હતું. ખાસ કરીને પારસી,ગુજરાતી નાટય સાહિત્યનું સદ્ભાગ્ય એ છે કે સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠા પામેલ નાટ્યકારો રંગભૂમિના વિધાયક બની રહયા. તેઓ થકી રંગભૂમિની ઉપેક્ષા ન થતાં તેનું સંમાર્જન થઇ ઉત્તરોત્તર પ્રગતિ સાધી તેને ઉચ્ચ સ્થાન અર્પવાના ભગીરથ કર્યા.

માત્ર સાહિત્યિક ધોરણે તપાસીએ તો કદાચ રતનજી શેઠનાના નાટકો આપણને સંપૂર્ણપણે સંતોષી ના શકે કિન્તુ તે નાટકોમાં રહેલી અભિનેયતાનું તત્ત્વ જોતાં તેનું મહત્વ સમજી શકાય છે. તેમના સામાજિક નાટકોમાં જો પારસિક જીવનની સમસ્યાઓ છે તો ઐતિહાસિક 'શીરીન ખુશરો', 'દુયાની લોહી'- નાટકોમાં ઇરાનની સંસ્કૃતિ અને સંસ્કારનું સૂક્ષ્મ નિરુપણ છે. પરિસ્થિતિની વિભિન્ન ભૂમિકાઓ ઉપસાવી કાબરાજી બંધુઓની જેમ રતનજી શેઠનાએ સામાજિક નાટકમાં માનવીનું વ્યકિતગત અને સામાજિક રુપ ઉપસાવ્યું છે.

## ખુરશેદજી બમનજી ફરામરોઝ

'શાહજાદો શ્યાવક્ષ'નામનું નાટક રચીને ખ્યાતિ પ્રાપ્ત કરનાર ખુરશેદજી ફરામરોઝ નાટ્યકાર ઉપરાંત કવિ, નવલકથાકાર અને ઉત્તમ કોટિના કટાર લેખક હતાં. ઇરાની તવારિખના આધારે રચેલ 'શાહજાદો શ્યાવક્ષ' નામનું તેમનું ઐતિહાસિક નાટક દ્વારા ઇરાનના ઇતિહાસ અને પાત્રોને તેમણે સજીવ કર્યા હતા. નાટકનો કેટલોક ભાગ પદ્યાત્મક છે વળી ઇતિહાસને જડ રીતે વળગી રહેવાને કારણે નાટકમાં ક્ષમતાનો અભાવ વર્તાયા વિના નથી રહેતો.

## સાપુર નસરવાનજી ભેદવાર

ઇ.સ.૧૮૯૬ માં 'હક ઇન્સાફ યાને મુંગો માર' નામનુ નાટક રચનાર નસરવાનજી ભેદવાર નાટ્યકાર ઉપરાંત એક કવિ અને ચિત્રકાર તરીકે ઉમદા ખ્યાતિ

પામ્યા હતાં.પારસી સંસારનું આબેહૂબ ચિત્ર રજૂ કરનાર આ નાટકમાં ગીત અને ઉપદેશનુ તત્ત્વ પણ જોવા મળે છે. માનવ સ્વભાવનું દર્શન તેમના પાત્રો દ્વારા અહીં થતું જોવા મળે છે.

## ડૉ. ધનજીભાઇ નવરોજી પટેલ

નવલકથાકાર તરીકે પ્રસિધ્ધિ પામનાર ડૉ.ધનજીભાઇ પટેલે પારસી રંગભૂમિના ઇતિહાસનું બયાન કરતા બે સુંદર સ્મરણશકિત ધરાવતાં ગ્રંથો આપ્યા છે. અને તે 'પારસી નાટક તખ્તાની તવારિખ'નો ભાગ પહેલો અને બીજો. પહેલા ભાગમાં પારસી નાટ્યકારો અને બીજા ભાગમાં પારસી નાટક તખ્તાની તવારિખ રજૂ કરી છે.

નાટ્યકાર તરીકેની તેમની કારકિદીર્માં તેમણે નાટકોની રચના કરી છે.ઇરાનના ઇતિહાસને તાદશ કરતાં આ નાટકો સમાજ અને વ્યકિતઓને ઉપદેશ આપવાનો નાટ્યકારનો હેતુ સ્પષ્ટ જણાય છે. નાટ્યકાર કરતાં નવલકથાકાર તરીકે તેઓ વધુ પ્રસિધ્ધિ પામ્યા હતાં.

## સર સોરાબજી નસરવાનજી પોચખાનેવાળા

શરાફી પેઢીનું સંચાલન કરનાર

સર સોરાબજીએ માત્ર પોતાના શોખ માટે નાટ્યસર્જન કર્યુ હતું. તેમના રચેલા નાટકોમાં 'ખુશરો શીરીન' અને 'યઝદેઝર્દ શહેરીયાર' નામના બે ઐતિહાસિક નાટકો માદન થિયેટર્સના ઉપક્રમે ભજવાયેલ હતાં. આ નાટકો સફળ અભિનેય નાટક તરીકે સાબિત થાય છે. નાટકમા લેખક ઐતિહાસિક સત્યથી ઘણીવાર વેગળા જતા જણાય છે.

## મહેરવાનજી મંચેરજી બાનાજી (જીનાબ)

પારસી કોમના આ પ્રજ્ઞાચક્ષું લેખકે 'અપંગ અદીબા' અને 'સનોબર'નામના બે નાટક રચ્યાં. 'જીનાબ'નું તખલ્લુસ ધરાવનાર આ લેખકની કૃતિઓમાં માનવીને જે વિવિધ સ્થિતિ-પરિસ્થિતિમાંથી પસાર થવુ પડે છે તેનુ વર્ણન કર્યુ છે. 'અપંગ અદીબા'માં લેખકનુ પોતાનું જીવનજ જાણે ચિત્રીત ન થયુ હોય !

## ડૉ.દારા હકીમ અને મહેરુ કરાણી

કરુણરસના નાટ્યકારોમાં ડૉ. દારા હકીમ અને કુ. મહેરુ કરાણીનો પણ ફાળો વિશેષ ગણાવી શકાય. આ બન્ને નાટ્યકારોએ સાથે મળીને કેટલીક નાટ્ય રચનાઓ કરી જેમાં 'નેકદીલ', 'ધીરજનું ધન', 'રાહે રાસ્ત', 'ખોદાઇ ઇન્સાફ', અને 'અમીર કોણ ?' નામના નાટકોને મહત્વના ગણી શકાય. મીસ મકાતી પીલાએ તેમના 'પારસી સાહિત્યનો ઇતિહાસ'નામના ગ્રંથમાં ડૉ.દારા હકીમને 'આધુનિક યુગના શ્રેષ્ઠ નાટ્યકાર' તરીકે ઓળખાવ્યા છે.[૧૪] અલબત્ત ડૉ.હકીમ પણ તેમના નાટકોની સંવાદ રચના, શૈલી અને કથા વસ્તુના આયોજન દ્વારા એક પ્રતિભાસંપન્ન નાટ્યકાર તરીકેની છબી ઉપસાવે છેજ.

રંગભૂમિનો ઉત્કર્ષ સાધવાની તેમની તમન્ના અને તે માટે સઘળું કરી છૂટવા માટે તૈયારી બતાવનાર ડૉ.હકીમે અભિનેય નાટકો સર્જી તેને ભજવાવવા માટે પોતાની સંપૂર્ણ શકિત અને બુધ્ધિ રંગભૂમિને પ્રદાન કર્યા. તેઓ પોતે એક આદર્શ પ્રધાન ચિન્તવાળા હોવાને કારણે તેમના નાટકોમાં તેમના ચિત્તની આ છબી અંકાયા વિના રહી નથી. સમાજના દૂષણો તેમજ સમસ્યાઓને તેમણે નિર્ભીક રીતે રજૂ કરી હતી. ડૉ.હકીમના નાટકોની વિશિષ્ટતા એ છે કે તેમના નાટકો અભિનેય હોવાની સાથે શ્રાવ્ય નાટકો તરીકે પણ સફળ સાબિત થાય છે. ડૉ.હકીમના 'રાહેરાસ્ત' નાટકનો હાસ્યખંડ બરજોર માપલા અને લવજી લવગીઆએ રચ્યો હતો તે ઉલ્લેખ જરુરી બની રહે છે. ડૉ.દારા હકીમની સાથે નાટકો લખવાની ઉપરાંત તે નાટકોનું દિગ્દર્શન સંભાળવામાં પણ કુ.મહેરું કરાણીએ યશસ્વી સેવાઓ પ્રદાન કરી તે વિસ્મરી ના શકાય. ડૉ.હકીમની વિષે એમ કહી શકાય કે મનોભૂમિ પર પડેલા સ્કેચીઝને પાત્રોમાં સઘન રીતે અવતરણ કરાવી સમાજના અનેકવિધ ક્ષેત્રમાં પ્રવર્તતી અસંબધ્ધ પરિસ્થિતિનુ તેમજ માનવીના કિલષ્ટ માનસનું કરુપ પણ સાચુ ચિત્ર કોઇ ચિત્રકારની અદાથી નિચો છે.

## ધનજીશા ફરામજી મહેતા 'ગબ્રુ'

પારસી નાટ્ય સાહિત્યમાં નાટક, નાટિકા અને સ્કેચીસ દ્વારા ખ્યાતિ પ્રાપ્ત કરનાર ધનજીશા ફરામજી મહેતા 'ગબ્રુ'એ ધાર્મિક, સામાજિક અને ઐતિહાસિક નાટકની રચના કરી હતી. તેમના મહત્વના નાટકોમાં 'ધર્મજય', 'ઇન્સાફ'એ તે ઇન્સાફ', 'ગુમાયેલું ગૌહર' 'પ્યાર અને હકદાર' આદિને ગણાવી શકાય. ગબ્રુના નાટકો અભિનેય હોવાની સાથે

શ્રાવ્ય તરીકે પણ શ્રેષ્ઠ સાબિત થાય છે.

ગબ્રુના નાટકોનું સૌથી આકર્ષક તત્વ તે તેમની સંવાદકલા. આ કલા દ્વારા તેમણે કથાવસ્તુ અનુસાર વાતાવરણ ઉપસ્થિત કરવાનો કસબ પ્રયોજયો છે. તેમના સમગ્ર સામાજિક નાટકોમાં સમાજની ભિન્ન ભિન્ન સમસ્યાઓનું નિરુપણ કરી તે દ્વારા સમાજોધ્ધાર કરવાનો પ્રયત્ન તેમણે કર્યો છે. માનવીના મનમાં રહેલા અમાનુષી તત્ત્વોને તેમણે તેમના પાત્રો દ્વારા રજૂ કરવાના યત્કિંચિત્ પ્રયત્ન કર્યો.

તેમના ઐતિહાસિક નાટકોમાં 'કિસ્મત ઉર્ફે યઝદેઝદ', 'દીની ફર્ઝ યાને કયાની કીર્તિ', 'મ્હારી દીન-મારી કોમ', 'સંજાણનો સપૂત યાને વીર દીન્યાર' આદિ નાટકોને ગણાવી શકાય. 'કિસ્મત' નાટક ઐતિહાસિક હોવા ઉપરાંત કરુણરસ પ્રધાન નાટક છે. 'ગબ્રુ'ની નાટ્યકાર તરીકેની સિધ્ધિ એ છે કે તેઓ સામાજિક તેમજ ઐતિહાસિક નાટકોમાં યથાયોગ્ય નાટકોનું વાતાવરણ ઉપસ્થિત કરી શકયા છે.

સામાજિક અને ઐતિહાસિક નાટકો ઉપરાંત ગબ્રુએ કેટલીક હાસ્યરસિક નાટિકાઓની પણ રચના કરી હતી. આ નાટિકાઓમાં મુખ્ય 'ઘેલા વાજા', 'ભૂલાખાનુ' 'ચાનજી ચતાપતી', 'સાબુ સુકાલ્યા', આદિને ગણાવી શકાય. સમાજ જીવનની સમસ્યા અને કૃત્રિમતાનું નિરુપણ કરતાં નાટયકાર 'ગબ્રુ'એ પારસી રંગભૂમિનો ઉત્કર્ષ સાધવાનો યત્કિંચિત ફાળો આપ્યો.

## ડો. જહાંગીર વાડીયા

ડો.જહાંગીર વાડીયા પારસી નાટ્યસાહિત્યના સારા પ્રહસનકાર હતાં. તેમના નાટકો મુખ્યત્વે હાસ્યપ્રધાન નાટકો છે. જીવન ખુદજ કરુણ છે ત્યારે તેમાંથી મુકિત અપાવવા હાસ્ય નાટકોનું સર્જન કરી તે ભજવી-પ્રેક્ષકોને પૂર્ણ મનોરંજન આપવાનો હેતુ-આદર્શ લેખક ધરાવતા. હાસ્ય પ્રધાન નાટકોની રચના પરત્વે મનોરંજન આપવાના હેતુ ઉપરાંત તે દ્વારા પ્રેક્ષકોને હસાવતાં હસાવતાં માનવીય તેમજ સામાજિક ત્રુટિઓ પણ તેમણે રજૂ કરી છે. તેમની મહત્વની નાટયકૃતિઓ તરીકે 'પારસી હરિશ્ચંદ્ર' અને 'ગોટલામાં ગોસ' આદિ કૃતિઓને ગણાવી શકીયે.

ડો.જહાંગીર વાડીયા અને રહેબરે સાથે રહી કેટલીક નાટ્યકૃતિઓનું સર્જન કર્યું છે. જેમાં 'ગેર ઇન્સાફ', 'કસોટી', 'નાદાન' 'અસ્મતની લૂંટ' આદિનો સમાવેશ થઇ શકે.[૧૫] આ નાટકો પણ સમાજની સમસ્યાઓને સ્પષ્ટ કરતાં નાટકો છે. કરુણરસના લેખક રહેબર

અને હાસ્યરસના વાડીયાની બેવડી શકિત અને બુધ્ધિનો ઉપયોગ થયેલ હોવાને કારણે આ નાટયકૃતિઓ નાટયકૃતિ તરીકે વધુ સફળ બની શકી છે. સુયોગ્ય રીતે હાસ્યરસ નિષ્પન્ન કરવામાં ડૉ.વાડીયા પારસી નાટયસાહિત્યના ઇતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાનના અધિકારી બની રહે છે.

## દોરાબજી રુસ્તમજી મહેતા

દોરાબ મહેતા પારસી નાટયસાહિત્યમાં નવો જોષ પ્રકટાવનાર લેખકોમાંના એક છે. નાટક અને રંગભૂમિના આ જીવે અનેક નાટકોની રચના કરી જે અભિનેય હોવાથી સાથે શ્રાવ્ય તરીકે પણ શ્રેષ્ઠ સાબિત થાય છે. તેમના મહત્વના નાટકોમાં 'વૈરાગ', 'અસ્મત', 'ગરિબી તારો ગુન્હો', 'ચક્રમ ચોકડી', 'અક્કલના બારદાન', 'પસંદગી', 'તકદીરનું તોફાન', આદિને ગણાવી શકાય. તેમના અધતન પારસી સંસારી હાસ્ય નાટકો વિશે શ્રી ચંદુલાલ શાહ લખે છે '' એમના પ્રસિધ્ધ નાટકો એટલે 'તિરંગી તેમૂલ', 'ઘર, ઘૂઘરો અને ગોટાળો', કૂતરાની પુછડી વાંકી' અને 'ઉગી ડહાપણની દાઢ'.[૧૬] 'ગરિબી તારો ગુન્હો'અને 'વૈરાગ' નાટક સમાજ જીવનને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા કરતાં કરુણ નાટકો છે. જયારે 'ચક્રમ ચોકડી' અને 'અક્કલના બારદાન' તેમના વ્યંગપ્રધાન પ્રહસનો છે. નાટકના વસ્તુ-શૈલી અને નિરુપણની બાબતમા લેખકમા સભાનતા વર્તા છે. વળી નાટકમાં યોજવામા આવેલ શબ્દ પ્રયોગે સંવાદને વધુ માર્મિક બનાવ્યા છે. (સમાજ જીવનના પ્રશ્નો લેખકે કરુણ નાટકો દ્વારા અને હાસ્યનાટકો દ્વારા રજૂ કર્યા છે.સામાજિક સમસ્યાઓને કારણે વ્યકિતનો કેવો કરુણ રકાસ થાય છે તેનો નિર્દેશ કરતાં નાટયકાર દોરાબ મહેતા તેમના પ્રહસન દ્વારા હસાવતાં હસાવતાં સમાજ સુધારક તરીકેનું કાર્ય કરી જાય છે.)

('ગરીબી તારો ગુન્હો' નાટકમાં લેખકનો સૂર બહુધા આવો કહી શકાય કે ગરીબ માનવી દ્વારા થતાં પાપ કે ગુના, પશુતા કે નિર્બળતા આદિના નેપથ્યમાં માત્ર વ્યકિતજ દોષિત હોતી નથી પણ તેની દીન પરિસ્થિતિ પણ એટલીજ દોષિત છે કે જે દ્વારા તેનામાં રહેતા માનવીય અંશો નાશ પામ્યા.)

શ્રી દોરાબ મહેતા આજની પારસી રંગભૂમિના સંપર્કમાં રહેલ હોવા છતાં જૂની રંગભૂમિ પરત્વેનું તેમને એક અનેરું આકર્ષણ છે. તેમના વિશે એક પારસી નાટય સમીક્ષકે નીચે પ્રમાણેની નોંધ લીધી છે.'' એક તરફ જયારે નાટક તખ્તા ઉપર જણાવ્યા પ્રમાણેના

નવા અખતરાઓ થઇ રહયા હતાં ત્યારુ જુની રંગભૂમિને ચીલે નાટક કરવાવાળાઓ પણ હતાં અને આજે પણ છે. એ બધામાં સૌથી આગળ સ્થાન ધરાવે છે ભાઇશ્રી દોરાબ મહેતા. અત્યાર સુધીમાં તેમણે ઢગનાબંધ નાટકો રજૂ કર્યાં છે અને જુની તેમજ નવી રંગભૂમિનું મિશ્રણ કરવાની મથામણ કરી રહયા છે[17]

## ફરામજી એન.બલસારા.

'નિરાધાર' નામના નાટકના કર્તા ફરામ બલસારા મુંબઇ સમાચારના સહતંત્રી તરીકે સેવા આપતા હતા. તેમના જીવન દરમ્યાન તેમણે માત્ર એકજ નાટકની રચના કરી છતાં નાટયસાહિત્યમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કરુણરસ પ્રધાન આ નાટકમા સ્ત્રી જીવનના ભિન્ન ભિન્ન ભાવચ્છબી ઉપાસાવી છે. સામાજિક સમસ્યાઓને લેખક નિર્ભીક રીતે રજૂ કરી તે દ્વારા પરિણમતા પ્રત્યાઘાતોને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો છે. 'નિરાધાર' નાટકનો હાસ્ય વિભાગ નટ-નાટયકાર દાલી ગોરીઆએ લખી આપ્યો હતો તેનો ઉલ્લેખ અહીં અનિવાર્ય બની રહે છે.

## નરીમાન પટેલ

નાટયકાર નરીમાન પટેલ પણ અવૈતન પારસી રંગભૂમિના પ્રેરણારુપ છે. પૌરાણિક તેમજ સામાજિક નાટકની રચનાઓ કરી તેમણે પારસી સંસારના પ્રશ્નોને રજૂ કરવાની પ્રવૃત્તિ આદરી તે દ્વારા રંગભૂમિના ઉત્કર્ષમાં યત્કિંચિત ફાળો આપયો. શ્રી હોમી તવડિયા સાથે લખેલ 'અદેખી' નાટક રચી તેની ભજવણી માટે હજારો રુપીયાના સેટીંગ્ઝનું સાહસ કરી ને ભજવ્યું પણ દુર્ભાગ્યે તે નિષ્ફળ ગયુ. આ નાટક નિષ્ફળ ગયું તો પણ આ નાટકનું મહત્વ પારસી રંગભૂમિના ઇતિહાસમાં એટલા માટે કે આ નાટક દ્વારા પહેલી વખતજ સળંગ બેકગ્રાઉન્ડ મ્યુઝીક આપવાનો સફળતાપુર્વક અખતરો અજમાવેલો, જેમાં જાણીતા સંગીતકાર અવિનાશ વ્યાસે સમસ્ત નાટક દરમ્યાન સફળ સંગીત અર્પ્યું હતું.

## દારા ખું.કાપડીઆ

'શેશન', 'આઇના પપ્પા' અને 'ધર્મની ધણીઆણી' આદિ નાટકોની રચના કરનાર દારા કાપડીઆએ પણ પારસી નાટયસાહિત્યમાં પોતાનો યત્કિંચિત્ ફાળો આપ્યો છે. તેમનું

કરુણ નાટક 'રોશન' કથાવસ્તુ, પાત્રાલેખન અને સંવાદ યોજનાના કારણે એક સફળ નાટક તરીકે પુરવાર થયેલ છે. પારસી સમાજના પ્રશ્નોને ચર્ચતું આ નાટક કરુણ પ્રસંગોનું ભવ્ય રીતે નિરુપણ કરે છે.

પારસી નાટય સાહિત્યમાં નાટય ત્રિપુટીનું દોરાબ મહેતા - ડૉ.દારા હકીમ અને દારા કાપડીયા - વિશેષ મહત્વ એટલા માટે છે કે વસ્તુનું આયોજન પાત્રાલેખન અને તેના મનોવ્યાપારનું ચિત્રણ, સામાજિક સમસ્યાઓનુ આયોજન સંવાદાદિ નાટયતત્વોનું નિરુપણ સભાન રીતે કરી નાટકને ઉચ્ચ ભૂમિકા પર લઇ જવાનો પ્રયાસ કર્યો.

## કેટલાક અન્ય નાટકકાર

પારસી નાટયક્ષેત્રે નાના મોટા અનેક નાટકકારોએ નાટયરચના ઉપર પોતાનો હાથ અજમાવેલો જોવા મળે છે. આ નાટયકારોએ રચેલ નાટયરચનાઓ કેટલે અંશે સાહિત્યિક કોટિની સાબિત થાય તે પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્ભવે. તેના ઉત્તરરુપે એટલુંજ કહેવાનું રહે કે આ નાટયકારોની નજર સમક્ષ રંગભૂમિ પ્રધાન રુપે હતી. પરિણામે તેમના બધાજ નાટકો અભિનેયતાની દ્રષ્ટિએ સંપૂર્ણ સફળ નાટકો છે અને પરિણામે કોઇપણ પારસી નાટયકારે એકાદ નાટયકૃતિ લખી હોય તો પણ તેનું ઋણ પારસી રંગભૂમિના ઇતિહાસમાં વિસ્મરી શકાય નહીં. સંખ્યામા અલ્પ નાટયકૃતિઓની રચના કરવાથી નાટયકારનું મૂલ્ય કયારેય ઘટી ના શકે. પરિણામે પારસી નાટય સાહિત્યના ઇતિહાસમા આવા નાટયકારોનો ઉલ્લેખ અનિવાર્ય બની રહે છે.

શોહરાબજી શહેરયાર ઇરાની (૧૮૮૭-૧૯૨૩) એક ઉચ્ચ કોટિના નવલકથાકાર અને નવલિકાકાર હતાં. નવલકથા અને નવલિકા ઉપરાંત તેમણે નાટય સર્જન પણ કર્યું હતું. જેમા 'જીગરમાં દીગર' નામનું તેમનું નાટક પ્રસિધ્ધ નાટક છે. પારસીઓમાં પ્રસરેલ વટાળ પ્રવૃત્તિ-સ્વચ્છંદતા-વિલાસિતા આદિ અનિષ્ટોનું નિરુપણ કરી બોધ અને નીતિના પાઠ આપી તે દુષણ દૂર કરવાનો તેમનો યત્ન વિસ્મરી ના શકાય.

આ ઉપરાંત દીનશાહ એન.દસ્તુરે પણ 'બાળ સિતારો', 'ગરીબ ગાય', આદિ નાટકોની રચના કરી. તેમનું 'ગરીબ ગાય' નાટક તેના વિષય વસ્તુ અને નવીનતાને લીધે પ્રસિધ્ધિ પામ્યું હતુ. આ ઉપરાંત પેસ્તનજી કાપડીયાનું 'વહેમનું બારદાન' સોરાબજી બામજીનું 'સચ્ચાઇનો સાથી', ફિરોઝ ડ્રાઇવરનુ 'જુવાનીમાં નાદાની યાને પ્રોફેસરના પછાડા' અને નરીમાન પટેલનું 'નસીબ' આદિ બાલીવાળા થિયેટર્સના ઉપક્રમે ભજવાયુ હતુ. નાટકો અને નાટયકારોએ પ્રજાના માનસને મનોરંજન અને નીતિ-બોધ યુકત પાઠો આપવાનું યોગ્ય

કાર્ય કર્યું.

આ ઉપરાંત હાસ્ય પ્રધાન નટિકાઓની રચના કરી મનોરંજન અર્પનાર નાટયત્રિપુટી દાલી ગોરીઆ - લવજી લવંગીઆ - બરજોર મોપલાને વિસ્મરી શકાય નહીં. દાલી ગોરીઆ અને લવજી લવંગીઆની ઉભય કલમે રચાયેલ 'ગુમાયેલુ ગૌહર' નાટક એક સફળ અભિનેય નાટક પુરવાર થઇ પ્રસિધ્ધિ પ્રાપ્ત કરી ગયું હતુ.

પારસી નાટયસાહિત્યમાં કેટલીક સ્ત્રી નાટયકારોમાં નાટકનો ઉલ્લેખ પણ અત્રે અનિવાર્ય બની રહે છે. આ લેખિકાઓમાં ઝીણી કેખશરુ પેમાસ્તરે રચેલ નાટયકૃતિઓમાં 'નિર્દોષ', 'કિસ્મતના લેખ', 'તુ, હું અને ખોદા' અને 'મત્રાઇ' આદિ નાટકો મહત્વના ગણાવી શકાય. આ નાટકોમાં બહુધા પારસી સંસારી નાટકો છે. પાશ્ચાત્ય નાટયવસ્તુ સ્વીકારવામાં આવ્યું હોવા છતાં તેમાં રજૂ કરવામા આવેલું પારસિક વાતાવરણ લેખિકાની કલમ સિધ્ધિની યાદ અપાવે છે. નીતિમય વાતાવરણનું સર્જન કરવાની સાથે તત્કાલીન સામાજિક જીવનને રજૂ કરવાનો હેતુ પણ લેખિકામા હોય તેમ વર્તાય છે. નાટકોના સંવાદોની દીર્ઘતા નાટકની મર્યાદા બની જાય છે અને નાટકની ગતિમાં અવરોધ ઉપસ્થિત થાય છે.

કુ. મહેરુ કરાણીએ ડૉ.દારા હકીમ સાથે નાટય રચનાઓ આદરી અને એટલેથીજ તે ન અટકતાં તેમણે તે નાટકો ભજવ્યા અને તેનું દિગ્દર્શન પણ સંભાળ્યું હતું. આ ઉપરાંત અન્ય સ્ત્રી નાટયકારોમાં પેરીન મીરઝા અને મીસીસ પેરીન વજીફદારના નામનો ઉલ્લેખ મળે છે.

પારસી નાટક સાહિત્યના ઇતિહાસમાં આ લેખિકાઓનું કાર્ય ઐતિહાસિક દ્રષ્ટિએજ મહત્વપૂર્ણ ગણાવી શકાય. નાટય સાહિત્યના સ્વરુપની દ્રષ્ટિએ આ નાટકો એટલા ઉચ્ચ કોટિના સાબિત થતા નથી. આ મર્યાદા માત્ર સ્ત્રી લેખિકાઓ પૂરતીજ મર્યાદિત રહેતી નથી પણ બહુધા પારસી નાટય લેખકો પણ આમાંથી મુકત થઇ શકયા ન હતાં.આ ઉપરાંત નીચેના નાટયકારોની નાટયકૃતિઓનો ઉલ્લેખ અનિવાર્ય બની રહે છે.

૧) જાહાગીર એંજીનીયર :-'ત્રણ નાટકો'
૨) ફરોઝશાહ રુસ્તમજી મહેતા :- 'ડો.મીનો ચહેરેનો દર્દ'
૩) એદલજી ફરામજી ઢોંડી:- 'સીતમે હસરત યાને કરણી તેવી પાર ઉતરણી'
૪) મહેરવાનજી મનચેરજી બનાજી :- 'સુધારાનું શિખર', 'સોસાયટી સ્ટુ' અને 'અપંગ'અદિબા'
૫) ફરેદુન ફરામજી વસાઇગરા :- 'ગ્રામોફોન'
૬) એસ.એન.પી :- યઝદેઝર્દ શહેરીયાર' અને 'ખુસરવ-શીરીન'
૭) નસરવાનજી મહેરવાનજી ખાન સાહેબ :- 'ગુલને સનોબરસે કયા કિયા ?'

૮) અરદેશર બહેરામજી પટેલ :-'સુધરેલી શીરીન'ઠેકાણે આવી ખરી', 'અસલાજી'
'તકદીરની તાસીર'.

૯) સાહેરાબ અ.કલ્યાણ :- દ્વિઅંકી: 'રુસ્તમનો બેટો' 'સાત ઐતિહાસિક નાટકો',
'ચેરાગ જાવે દાન', 'નૌશેરવાન આદિલની બેટી'.

૧૦)પેસી તહેમુરસ્પ હીરામાણેક :- 'નતીજો', 'સીવીલ મેરેજ','રતન રોમીયો'

૧૧)અરદેશર બેરામજી પટેલ :- 'કાકા મામા કહેવાના ગાંઠે હોય તે ખાવાના',
સુધરેલી શીરીન ઠેકાણે આવી','નવી બાઇ
વીરુધ્ધ જુની બાઇ', તકદીરની તાસીર', 'અસલાજી'

'તકદીરની તાસીર' નાટક બાલીવાલા ખાસ પારસી તહેવારો પરજ વિકટોરિયાના ઉપક્રમે ભજવતા.

ઉપર્યુકત નાટયકારોની એક-બે કે ચાર નાટયકૃતિઓનો ઉલ્લેખ એટલા માટે કરવો રહયો કે પારસી નાટયસાહિત્યના ઇતિહાસની સંધ્યામાં તેમનું પ્રદાન નોંધપાત્ર બની રહેવાની સાથે રંગભૂમિના ઉત્થાનના યત્કિંચિત્ પ્રદાન કર્યુ.

પારસી ગુજરાતી રંગભૂમિના નાટયકારોમાં કેટલાક નાટયકારોએ નાટયત્વ અને અભિનેયતાની દ્રષ્ટિએ સફળ નાટક અને નાટયકાર હોવા છતાં તે ગુજરાતી સાહિત્યમાં લગભગ ઉપેક્ષિત રહયાં. ગુજરાતી નાટયસાહિત્યમાં સ્થાન પામેલા નાટયકારોના નાટકોની અભિનેયતા અને પારસી નાટયકારોના નાટકોની અભિનેયતાનું તુલનાત્મક અધ્યયન કરતાં ગુજરાતીના કેટલાક નાટયકારોને બાદ કરતાં અન્ય નાટયકારોના નાટકો અભિનેય સાબિત થતાં નથી. જયારે પારસી નાટયકારોના લગભગ બધાજ નાટકો સફળ અભિનેય નાટકો બની રહયાં છે. વળી નાટકની રચના અભિનય માટેજ થાય છે નહી કે શ્રવણ કરવા. એ નક્કર સત્ય પણ સર્વ સ્વીકાર્ય નથી ? જો આ સત્ય આપણે સ્વીકારીએ તો પારસી નાટયકારોનું મૂલ્યાંકન નહિવત કરવું. એ માત્ર ઉપેક્ષાવૃત્તિથી વિશેષ કાંઇ સાબિત થાય નહીં.

પારસી નાટક મંડળીઓ દ્વારા હિન્દી ઉર્દૂ, અંગ્રેજી અને ગુજરાતી આદિ ભાષાઓના નાટકો અભિનિત થયાં. આ નાટક મંડળીઓમાંથી કેટલીય નાટક મંડળીએ ગુજરાતી નાટકોની ભજવણી દ્વારાજ પ્રારંભ કર્યો હતો અને ત્યારબાદ હિન્દી ઉર્દૂ આદિ ભાષાઓમાં પણ નાટકની ભજવણી શરૂ કરી શરુઆતમાં ભજવાયેલ પારસી રંગભૂમિના

નાટકોમાં ગીત પ્રચુરતા, ગીતાત્મક સંવાદ આદિ તત્ત્વોને કારણે પદ્યમય નાટક જેવી સ્થિતિ હતી. ધાર્મિક, ઐતિહાસિક (ભારતીય અને ઇરાનના ઇતિહાસ પર આધારિત) સામાજિક હાસ્ય-રસિક નાટકોમાં પદ્ય-પ્રાચુર્યાદિ તત્ત્વોનીજ પ્રધાનતા જોવા મળે છે જે કેટલાક નાટયકારો અને દિગ્દર્શકોની સૂઝ અને શકિતને કારણે પાછળથી વ્યવસ્થિત રૂપ ધારણ કરતી જોવા મળે છે. નાટયકાર કેખશરુ કાબરાજી, બમનજી કાબરાજી, પીજામ, ગુલફામ, એદલજી ખોરી આદિ નાટયકારોના પ્રયોગો આ ક્ષેત્રમાં પ્રશસ્ય ગણાવી શકાય. આ નાટયકારોની સિધ્ધિ અને પ્રસિધ્ધિને કારણે કેટલીય વ્યકિતઓને નાટયકાર બનવાની ધુન સવાર થઇ હતી. કેખશરુ દ્વારા સસ્તી મનોરંજકતાને બદલે સુબોધ નીતિયુકત કલાત્મક નાટક પ્રયોજાવાનું શરુ થયું. આના પરિણામે તેમના નાટકો વધુ લોકાકર્ષણ જન્માવી શકયા. કેખશરુની ઉપરોકત પ્રવૃત્તિની અસર રંગભૂમિ પર વ્યાપક પ્રમાણમાં પડી તેના કારણે નાટયલેખન અને તેની અભિનેયતામાં શિષ્ટતાનું પ્રાધાન્ય વધ્યું તેની નોંધ અહીં લેવી ઘટે. કેખશરુ દ્વારા આવિષ્કૃત થયેલી શિષ્ટતા અને સંસ્કારપૂર્ણ શૈલીના પરિણામે નાટકોની ચોક્કસ ભજવણી અંગેની એક વ્યવસ્થિત છબી ઉભી થઇ. લોકમાનસને નાટયાભિમુખ કરવાનો તેમજ નાટકના ઉત્કર્ષ સાધવાનો તેમનો પ્રયત્ન પ્રશંસ્નીય ગણાવી શકાય.

કેખશરુ કાબરાજી ઉપરાંત બમનજી કાબરાજી, ગુલફામ, પીજામ, રતનજી શેઠના ફીરોઝગર આદિ નાટયકારોએ કેખશરુના કાર્યને ઉપાડી લઇ તેમાં ગતિ સંચાર કર્યો તે વિસ્મરી ના શકાય. પારસી નાટયકારોએ રંગભૂમિ પર પ્રજાજીવનના અનેક પ્રશ્નોને રજૂ કરી તેમાં બોધ અને નીતિના પાઠોનું નિરુપણ કરી સમાજ સુધારાનો યત્કિંચિત્ યત્ન કર્યો. સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક કે રુપાંતર નાટકોના થોકબધ સર્જન અને ભજવણી પછી પણ સાહિત્યિક અને અભિનેયતાના ઉભય તત્ત્વો ધરાવતા હોય તેવા નાટકોની રચના અત્યંત ઓછા પ્રમાણમાં થયેલી જોવા મળે છે.

પારસી નાટયકારોએ રંગભૂમિનેજ નજર સમક્ષ રાખી નાટયરચના કરી અને પ્રયોગના એવા ઐતિહાસિક વિક્રમો નોંધ્યા છે કે તેની સરખામણીમાં આજે તેના અસ્થિ-પિંજર પણ રહયાં નથી એમ કહીએ તો અતિશયોકિત નહીં ગણાય. તેમના થકીજ 'લોકપ્રિયતા' શબ્દ સાર્થક બન્યો. આ નાટયકારોનો એક વિપુલ ચાહક-વર્ગ હતો. જેમના દ્વારા થતાં 'વન્સમોર'માં નટ-નાટયકારની સિધ્ધિઓને હૃદયપુર્વક બિરદાવવામા આવતી. આ પ્રવૃત્તિની અતિરંજકતા કોઇ સાહિત્યિક જીવને સૂગ ચડે તે ખૂબજ સ્વાભાવિક ગણાય.

સાંપ્રત પ્રશ્નોને સજીવ કરતાં આ નાટકોની સફળ ભજવણીએ નાટયકારોમાં એક

વિશેષ ઉત્સાહ પ્રગટાવ્યો, પરિણામે વિવિધ નાટયવસ્તુ, શૈલી, અતિરંજકતા, સચોટ સંવાદોની ભભક, ભાષા, ચરમોત્કર્ષના અનેક પ્રસંગો આદિનું પ્રમાણ નાટકમાં વધવા લાગ્યુ. અલબત્ત આ તત્ત્વોનો પ્રાચુર્ય તેની ભજવણીને વધુ આકર્ષક બનાવી હોવા છતાં જાણે-અજાણ્યે તેમાં કૃત્રિમતાનું પ્રમાણ પણ વધવા લાગ્યું તેની સખેદ નોંધ આ તવારિખ નોંધતા લેવી ઘટે. નાટકને નીતિ અને બોધનું વાહન તેમજ રંગભૂમિને સાધન બનાવી લોકપ્રિયતા મેળવવાની તેમજ અર્થ પ્રાપ્તિની તેમની પ્રવૃત્તિ તત્કાલીન સમય અને સંજોગને ઉપલક્ષ્યમાં રાખી તપાસતા સૌ અમૂલ્ય ગણાવી શકાય.

પૂર્વોકત કથન પ્રમાણે જોઇશું તો આ નાટયકારો રંગભૂમિને નજર સમક્ષ રાખી નાટયરચના કરતાં રંગભૂમિ પર ભજવાતા નાટકો પ્રેક્ષકોની રસરુચિને આધારિત રહેતા અને તેનું કારણ તે કે નાટક મંડળીઓની આર્થિક નિર્ભરતા પ્રેક્ષકો પરજ લગભગ આધારિત રહેતી. પરિણામે પ્રેક્ષક વર્ગ દાતા વર્ગ સમો લેખાયો. આ પ્રેક્ષકવર્ગ મધ્યમવર્ગીય હોવાને કારણે તેની રસ-રુચિ નિજન કોટિની હોવાથી તેની પરોક્ષ અસર નાટયકાર પર પડી. નાટય મંડળીના માલિકોમાં વ્યાપારી વૃત્તિ વિશેષ પ્રમાણમા હોવાથી તે પ્રેક્ષકોની નાગ-ચૂડમાંથી મુકત થઇ ના શકયા પરિણામે નાટયકારો પાસે પ્રેક્ષકોને અનુકૂળ નાટકો રચવાની તેમણે ફરજ પાડી તે સખેદ નોંધવું ઘટે.

નાટયકારો પ્રેક્ષકોની નાડ પારખી ગયા અને પ્રેક્ષકોની નાટયાભિમુખતા ટકાવી રાખવા માટે પણ આવા પ્રકારના નાટકોની સંખ્યા વધતી ગઇ. પ્રેક્ષકોને ઓળખવામાં ભૂલ થતાં મહાન નાટયકારો અને દિગ્દર્શકો પણ નિષ્ફળતા પ્રાપ્ત કરતાં. આના અનુસંધાનમાં પ્રો. ઠાકરની નોંધ છે કે, 'હેટ ફૂલ ઓફ રેઇન' નાટક અમેરિકામાં બ્રોડવેમાં સફળતાપૂર્વક ભજવાય જયારે લંડનમા ફેઇલ જાય ! નશો ચડાવે તેવી ગોળીઓની લત અમેરીકામાં વ્યાપક જયારે ઇગ્લન્ડને પ્રશ્ન સ્પર્શતો નથી. પરિણામે વાન મેકર જેવા મહાન દિગ્દર્શકો સાથ હોવા છતાં પણ પ્રેક્ષકોનો સાથ આ શ્રેષ્ઠ કોટીના નાટકોને મળ્યો નહીં.'[૨૦] ઉપરોકત કથન જોતાં મોટા મોટા દિગ્દર્શક કે નાટયકાર પ્રેક્ષકોને ઓળખવામાં જો થાપ ખાય તો નિષ્ફળતા સહજ રીતે આવી રહે તે નિર્વિવાદ છે.

## પારસી નાટક - એક મૂલ્યાંકન

નિરપેક્ષ ધોરણે પારસી નાટકોની સાહિત્યિક મૂલ્યવત્તા તપાસવાનો પ્રયત્ન કરીએ તો ઉચ્ચ સાહિત્યિક ધોરણો માટેની શોધ તેમાં થઇ શકે તેમ નથી ; પરિણામે આપણી

સાહિત્યિક અપેક્ષાઓ અપૂર્ણ રહેતી હોવા છતાં તેમાં રહેલી ગુણ પક્ષની અપૂર્ણતાનો બદલો પ્રમાણપક્ષે મળી રહે છે. સાહિત્ય કોઇપણ કોટિનું હોય તો પણ જો તેનો ઉપયોગ બહુજન સમાજ દ્વારા થતો હોય ત્યારે તે એક લોકબળ બની રહે છે. પારસી નાટયકારો દ્વારા લખાયેલ નાટકો સતત વંચાતા-ભજવાતા રહયા હોવાને કારણે લોકોની નાટયભૂખ ઉદ્દીપ્ત થઇ ઉત્તરોત્તર વિકાસોન્મુખ બની રહી. પરિણામે નાટકો વધુ પ્રમાણમાં લખાતા-ભજવાતા રહયાં. આ બધાને અંતે પણ એ નિ:સંકોચપણે સ્વીકારવું ઘટે કે આ નાટકોમાં સાહિત્યિક મૂલ્યવત્તા અલ્પ છે. તેમ છતાં કેખશરુ કાબરાજી, બમનજી કાબરાજી, રતનજી શેઠના, ફિપિજામ-ગુલામાદિ ના નાટકોનું મૂલ્યાંકન અલગ રીતે વિચારવું ઘટે.

અંગ્રેજી કેળવણીના કારણે અજ્ઞાન અને જડતા ધીમે ધીમે દૂર થવા લાગ્યાં. નૂતન વિધાના અભ્યાસે માનવીએ જીવનનો સર્વાંગી વિકાસ સાધ્યો. નવા વિચારો-સુધારા દ્વારા વિકૃત થયેલા સામાજિક માળખામાં નવીન પ્રાણ પૂરવાના યત્ન કરવામાં આવ્યા. પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસે સમગ્ર વિશ્વ જીવનના દ્વાર ઉઘડયા અને તેનો પરિચય કેળવાયો. કેટલાક કુરિવાજો સામે કેખશરુ કાબરાજી, સોરાબજી બંગાળી, દાદાભાઇ નવરોજી અને દીનશા વાચ્છા આદિ સુધારકોએ જેહાદ ઉપાડી. આના પરિણામે સંકુચિત દ્રષ્ટિકોણ દૂર થયો, વડીલોનું વર્ચસ્વ ઘટયું, કન્યા વિક્રય-વૃધ્ધ લગ્ન, ધાર્મિક અંધશ્રધ્ધા આદિ અનિષ્ટો ઘટયાં. આ સુધારાના જેમ સારા પરિણામ આવ્યા તેમ ખરાબ પરિણામો પણ ઉદ્ભવ્યાં. પશ્ચિમના આંધળા અનુકરણના પરિણામે સમાજમાં અનીતિ અને વિકૃતિનાં તત્વોનો પ્રવેશ થવા માંડયો. યુવક યુવતીની સ્વછંદતા, નાજુકાઇ તથા તેમના દંભ વધવા માંડયા. સ્ત્રીવર્ગ કલબો અને જલસાઓમાં રચ્યો પચ્યો થઇ ગયો. આથી સમજુ વર્ગ ચોંકી પડયો જેથી જેઓ સમાજ સુધારાની ઘોષણા કરતાં તેઓએ આ સુધારામાં નામે પ્રવેશતા અનિષ્ટોનો વખોડી કાઢયો. ત્યારે પારસી સમાજનો જે ધર્મ ચુસ્ત વર્ગ હતો તેણે પોતાના ધર્મના ઉમદા તત્વો સમાજ સમક્ષ મુકયાં. આ અનિષ્ટો દૂર કરવા નાટયકારોએ તેમની નાટય રચનામાં તત્કાલીન પ્રશ્નો ચર્ચી અને તેના બેહૂદા પરિણામથી સર્વને જાગૃત કર્યા.

પારસી નાટયકારોએ અંગ્રેજી નાટકને નમૂના રુપે રાખી નાટયલેખન પ્રારંભેલ પાશ્ચાત્ય સાહિત્યનું આ આલંબન મનોરંજનાર્થે તેમજ સામાજિક ઉપયોગિતાર્થે લેવાયેલ જોવા મળે છે. નાટયકારોને નાટયલેખનમાં ભાષાની મુશ્કેલી નડી હોય તેમ જણાય છે. કારણ કે જે બોલી તેમણે સ્વીકારી તેને તેઓ પૂર્ણરુપે સ્વતંત્રપણે ખીલવી શકયા ન હતાં. પરિણામે સૂક્ષ્મ ભાવોની

અભિવ્યકિતમાં ક્ષમતાનો અભાવ વર્તાયો. તેમ છતાં પારસીઓએ ગુજરાતી ભાષાનો જે રીતે સ્વીકાર કર્યો તે જોતાં ગુજરાતે તેમને આપેલ આશ્રયનો ઉપકાર વાળવાજ નહી પરંતુ આખી પ્રજા એકી સાથે પોતાની ભાષા છોડી અન્ય ભાષા સ્વીકારે તેવો બનાવ જગતના ઇતિહાસમાં અવિસ્મરણીય લેખાશે. તેમના દ્વારા પુરસ્કૃત થયેલી પારસી-ગુજરાતી બોલી પણ ગુજરાતીની એક વિશીષ્ટ બોલી ગણાઇ રહી તે પણ નોંધપાત્ર બની રહે.

## પૌરાણિક નાટકો : સાધનો અને ઉદ્દેશ્ય

નાટક અને રંગભૂમિના આ યુગમાં વ્યાપારિક અને વ્યાવસાયિક ઉદ્દેશ્યો માટે જે સાધન વાપરવામા આવતાં હતાં તે જોતાં તત્કાલીન નાટયકારોની પ્રતિભા ખરેખર પ્રશંસનીય કહી શકાય. જનસમાજની જેટલી મોટી સંખ્યા પૌરાણિક કથાનક, ધાર્મિક વિચાર અને ઉપદેશ પ્રધાન નાટકો પરત્વે અભિમુખ હતો તેટલીજ મોટી સંખ્યા પુરાણના નામ પર શુધ્ધ મનોરંજન માટે નાટક જોવા આવતો હતો. પરિણામે નાટયકારોએ કલ્પિત ધર્મકથા અને શુધ્ધ ધર્મકથા સાધારણ ચરિત્ર અને અસાધારણ ચરિત્ર ચિત્રણ, સ્વાભાવિક પ્રસંગ અને અદ્દભૂત પ્રસંગ આદિ પરસ્પર ઉભયથી ભિન્ન એવા તત્ત્વોનું નાટકમાં આલેખન કર્યું. સમાજના ભિન્ન ભિન્ન સ્તર અને ભિન્ન ભિન્ન રુચિ અને પ્રકૃતિ ધરાવતા પ્રેક્ષકો સમીપ નવા નવા સાધનો શોધી તે દ્વારા પૌરાણિક નાટકોનુ આયોજન કરનાર નાટકકાર પ્રતિભાશાળી નાટકકાર મનાતો.

ઉદ્દેશ્ય:- (૧) અંગ્રેજી રાજય શાસન હોવાના કારણે હિન્દુ ધર્મનું ગૌરવ ટકાવી રાખી લોકોમાં વ્યાપેલી હતાશા, નિરાશા અને અશ્રધ્ધાને દૂર કરવાનો ઉદ્દેશ્ય પણ આ નાટકકારોનો હતો. નાટકકારો નાટકો દ્વારા હિન્દુત્વને અને ધાર્મિક વિચારોને દૃઢ બનાવવા માટે નાટકોની રચના કરી ગૌરવ અનુભવતાં.

(૨) પ્રજાના આ માનસિક અશાંત યુગમાં લોકો મનોરંજન દ્વારા આત્મશંતોષ માનતા. લોકોનું મનોરંજન કરવાનો ઉદ્દેશ્ય પણ એક મહત્વનો ઉદ્દેશ્ય હતો.

(૩) લોકોનું મનોરંજન કરવા માટે જે સાધનો દ્વારા નાટકોની રચના કરવામાં આવી તેના કારણે કથા અને ચરિત્ર જે નાટકના મહત્વના તત્ત્વો હતાં તે અનાટકીય અને કૃત્રિમ લાગવા માંડયા. કદાચ એમ પણ બન્યું હોય કે નાટકકારો તેમજ સમગ્ર રંગભૂમિના તમામ પાસાનો વિચાર કરીએ તો આપણે એમ કહી શકીએ કે આ પ્રકારની કુત્રિમતા મજબૂરીના કારણે ઉદ્દભવી નહીં કે નાટયકારની અપૂર્ણતાથી.

(૪) ત્યાગ-બલિદાન, શૌર્ય તથા વ્યકિતની ધર્મનિષ્ઠા તેમજ સામાજિક આદર્શ પરત્વેની તેમની આસ્થા આદિ શ્રેષ્ઠ તત્ત્વોનું પુનરુત્થાન કરી ભૂતકાળના ભવ્ય કથા પ્રસંગો અને આદર્શ વ્યકિત વિશેષનુ આલેખન પણ એક મહત્વપૂર્ણ ઉદેશ્ય ગણાવી શકાય.

(૫) આ નાટકોનો મૂળ ઉદેશ્ય પુરાણ પ્રસિધ્ધ કથાઓ, દંતકથાઓ અને મહાન પાત્રોના આધારે 'પુનરુત્થાનની ભાવના જગવવી. પરિણામે આ પ્રકારના નાટકોમાં ત્યાગ-શૌર્ય અને આદર્શપૂર્ણ ઉપદેશપ્રધાન જોશીલા સંવાદોનું આયોજન કરવામાં આવતું. આ ઉદેશ્યની સિધ્ધિ માટે કાર્ય અને દૃશ્ય આયોજન એ પ્રમાણે કરવામાં આવતું કે જે જોતાં પ્રજાનું ધર્મથી મસ્તક ઝુકી પડી પોતાના પ્રાચીન વારસા બદલ ધન્યતા અનુભવી તેના પુનઃસ્મરણ માટેની પોતાની ફરજ પર સદા અડગ રહેવાની ભાવના સદા સચેત રહેતી.

પૌરાણિક નાટકોનો ઉદેશ્ય બહુધા એ હતા કે તત્કાલીન આધુનિક ભારતનું ચિત્ર કોઇને કોઇ રીતે રજુ કરવુ હતું પરિણામે તેની રચના પ્રક્રિયાના ભાગ ભજવ્યો હતો. પારસી રંગમંચની પૌરાણિક નાટ્યધારા એટલી બળવાન હતી કે તેની અંતર્ગત પારસી, હિન્દી રંગમંચના મોટા ભાગના નાટયકારોનો સમાવેશ થાય છે. આ નાટયકારોમાં નારાયણપ્રસાદ બેતાબ, રાધેશ્યામ શર્મા, આગાહશ્ર કાશ્મિરી, હરિકૃષ્ણ 'જોહર'આદિને મહત્વના ગણાવી શકાય. સમસ્ત પારસી રંગમંચના પૌરાણિક નાટકો વાંચતા તેમનો ચરમ ઉદેશ્ય દર્શકોને પૌરાણિક કથા, ઘટના, ચરિત્ર-દર્શન દ્વારા મનોરંજન કરાવી હિન્દુ ધર્મ પરત્વે સમાજને અભિમુખ કરી તેને ઉપદેશ આપવો. 'પત્નિ-પ્રતાપ' અને 'સતી અનસૂયા' નાટકની ભૂમિકામાં બેતાબ લખે છે કે એમનો નાટકનો ઉદેશ્ય સતીના ગૌરવને પ્રતિષ્ઠા આપવાનો છે. 'ભકત પ્રહલાદ' નાટકમાં રાધેશ્યામ કથાવાચક એક બાજુએ ઇશ્વર ભકિત પર ભાર મુકે છે. તો બીજુ બાજુએ મહાત્મા ગાંધીના અહિંસા અને સત્યાગ્રહના સિધ્ધાંતોને પરોક્ષ રુપે પ્રતિષ્ઠિત કરે છે. પરિણામે આ પ્રકારના એકજ પૌરાણિક નાટકોમાં અનેક પ્રકારની સંવેદનાઓ અને ઉદેશ્યોનું નિરુપણ થયેલું જોવા મળે છે.

## પૌરાણિક નાટક અને વસ્તુ:

પારસી રંગભૂમિના ભજવવાના નાટકોની મુખ્ય કથા પુરાણમાંથી એટલા માટે લેવામાં આવતી કે તેના નામના આકર્ષણથી મોટા પ્રમાણમા જનસમાજ આકર્ષી શકાય. આ કથાના આધારે રચાયેલા નાટકો દ્વારા સંસ્કાર અને સાંસ્કૃતિક ગૌરવનું મૂલ્ય સાધી તે દ્વારા

જનસમાજને મનોરંજન આપવાના પ્રયાસો જોવા મળે છે. આ પ્રકારના પૌરાણિક નાટકોમાં બહુધા પુરાણની કથાને યથાવત લઇ મૂળ કથા અને પ્રસંગમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કર્યા વિના લેવામાં આવતી હોવાને કારણે તે નાટકની કથાવસ્તુ બનવાને બદલે તે માત્ર પુરાણની ઇતિવૃત્તાત્મક કથાજ બની રહેતી. ઘણીવાર આવા નાટકોમાં કેટલાક નાટકકારોએ ફેરફાર કરેલા પણ જોવા મળે છે. આ નાટકોમાં પ્રાચીન કથાઓનો યથાવત લેવાનો પ્રયત્ન એટલા માટે પણ કરવામાં આવ્યો કે તત્કાલીન લોકમાનસમાં રાષ્ટ્રીય જાગરની સાથેસાથે હિન્દુ ધર્મનું નવજાગરણ પણ થયું હોવાને કારણે પ્રાચીન કથાઓમાં જરાપણ ફેરફાર કરવો એ ખતરનાક કામ હતું. વળી વ્યવસાયિક ભૂમિકા પર સ્થિર રહેનાર આ નાટય કંપનીઓ આ કથાઓના આધારેજ પ્રેક્ષકોનું આકર્ષણ કરી શકતી આ બધાને અંતે એમ કહી શકાય કે માલિક અને દિગ્દર્શકનો (જેમને સમગ્ર નાટકમાં ફેરફાર કરવાના અધિકાર હતાં) તીવ્ર પ્રભાવ અને પ્રેક્ષકોની અંધ ધાર્મિકતાને કારણે નાટ્યકાર તો સંપૂર્ણ રીતે પૌરાણિક નાટક રચી શકયો ન સંપૂર્ણ રીતે ધાર્મિક નાટકોમાં મૌલિક લખી શકયો. નાટકના અન્ય ઉદેશ્યોને ધ્યાનમાં રાખીને તે નાટક લખતો હતો. પરિણામે પૌરાણિક નાટકોને 'નાટક' તરીકે કસોટી પર ચઢાવતાં તે વધુ પ્રમાણમાં 'કથાનાટક' સાબિત થાય છે. વળી 'વસ્તુ વિન્યાસ' જેવી કોઇ દૃષ્ટિ ન હોવાથી વસ્તુને મુળ હોય તેજ સ્વરુપે લઇ તેમાં રહેલા ઘટના પાત્ર અને કાર્યને રજુ કરવામા આવતાં હોવાથી નાટકમાં કોઇ નવીનતા સિધ્ધ ના થઇ શકી.

પારસી નાટક મંડળીના નાટયકારોએ પૌરાણિક નાટકોની રચના પણ કરી હતી છતાં તે નાટક બીજી નાટકનુી મંડળીઓ દ્વારા અનુકરણ થશે તે બીકને કારણે તે બહુધા અપ્રસિધ્ધ રહયાં. આ ઉપરાંત કવચિત્ જે નાટકો છપાયા તેમાં દુર્ઘટના એ બની વ્યાવસાયિક કંપનીઓના માલિકે પોતાનું ત્થા કંપનીઓનું નામ જાહેર કર્યું. પરિણામે નાટકના કર્તા વિષે ચોક્કસ નિર્ણય કરવો કઠિન કાર્ય બની રહે છે. કયારેક નાટકના કર્તા સાથે પણ નાટકો છપાયેલ છે તે સુખદ ઘટના પણ વિસ્મરી શકાય નહીં.

પારસી રંગભૂમિને શિષ્ટ કોટિના નાટકો-પૌરાણિક-ઐતિહાસિક-સામાજિક આપવાનું સર્વ પ્રથમ સ્તુત્ય પગલું કેખશરુ કાબરાજીએ ભર્યું. નંદબત્રીસી, સીતાહરણ, હરિશ્ચંદ્ર અને નળ-દમયંતી આદિ કૃતિઓને નાટયદેહ આપી વિવિધ નાટક મંડળીના ઉપક્રમે તેની ભજવણી કરાવી. ગુજરાતીના આદ્ય નાટયકાર રણછોડભાઇ ઉદયરામના

'હરિશ્ચંદ્ર'ને રંગભૂમિ ક્ષમ બનાવી તેની ભજવણી કરાવવાનું બહુમાન પણ તેનેજ ફાળે જાય છે. 'નાટક ઉત્તેજક'મંડળી'ના ઉપક્રમે તે ૧૧૦૦ વખત ભજવાયું તેજ તેની લોકપ્રિયતાનું સૂચક બની રહે છે. આ નાટકની સફળતા જોઇ ખુરશેદજી બાલીવાલાએ નાટયકાર વિનાયકપ્રસાદ 'તાલિબ' પાસે હિન્દીમાં 'સત્યવાદી હરિશ્ચંદ્ર' નામનું નાટક લખાવ્યું અને સમગ્ર ભારતના પ્રવાસો કરી તેની ભજવણી કરી.

પૌરાણિક નાટકોની રચના બહુધા રામકથા કે કૃષ્ણકથાને નજર સમક્ષ રાખીને થતી. આ ઉપરાંત અન્ય કથાશ્રિત કે વિવિધ પુરાણો પર આધારિત નાટકો લખાયાં તેમજ ભજવાયાં. પ્રેક્ષકોની ધાર્મિક ચેતના આ પૌરાણિક નાટકો જોવા સદા ઉત્સુક રહેતી. પરિણામે પારસી રંગમંચના નાટયકારે રામ, કૃષ્ણ, સીતા, દ્રૌપદી, સુદામાં, અભિમન્યું, અંબરીષ, કંસ, રાવણ,, શિવ, નળ-દમયંતી, સત્યવાન-સાવિત્રી, ભીષ્મ, શ્રવણ આદિ પૌરાણિક પાત્રોને ધ્યાનમાં રાખી અનેક નાટય રચના કરી.

પારસી,ગુજરાતી તેમજ હિન્દી બન્ને ભાષામા પૌરાણિક નાટકનું સ્થાન મહત્વપૂર્ણ રહયું. અલબત્ત નાટયકારો સંપૂર્ણપણે પુરાણકથાના સત્યને વળગી રહેલા જોવા મળતાં નથી: પોતાની કલ્પના પ્રમાણે તેમાં તેમણે નાટયોચિત પરિવર્તન કર્યું. પૌરાણિક નાટકોના નાયક આદર્શ ચરિત હોવાને કારણે તે નાટકની રચના અને ભજવણી દ્વારા પારસી રંગભૂમિના નાટયકારો સમાજ જીવન સમક્ષ ઉદાત્ત જીવનના અનેક દૃષ્ટાંત રજૂ કરી સમાજ અને રંગભૂમિ ઉભયનો ઉત્કર્ષ સાધ્યો તે વિશેષ નોંધપાત્ર ઘટના બની રહી.

## ઐતિહાસિક નાટકો

પારસી રંગભૂમિ પર ઐતિહાસિક નાટકોની ભજવણીનું પણ એક વિશિષ્ટ સ્થાન છે. આ પ્રકારના નાટકોમાં પારસી નાટયકારોએ ઇરાનના ઇતિહાસ પર આધારિત તેમજ ભારતીય ઇતિહાસ પર આધારિત નાટયરચનાઓ કરી. નાટયકાર કેખશરુ કાબરાજી પેશદાદ અને કયાનીઆન, હખાંમની કે સાસાનના સફાઓના ઇતિહાસથી તેઓ પૂર્ણ વાકેફ હતાં. આના પરિણામેજ તેમણે બેજન-મનીજેહ 'જમશેદ' 'ફરેદુન' આદિ નાટકોની રચના કરી ઇરાનની તવારિખને હિન્દની રંગભૂમિ પર સાકાર કરી.

રુસ્તમ સોહરાબ, સુલેમાની સમશેર, પાકદામન ગુલનાર, શાહજાદો શ્યાવક્ષ, રુસ્તમબરજો, બેનઝીર, જમશેદ-જોહાક, સંજાણનો સપૂત યાને વીર દિનયાર, જાહાંબક્ષ

અને ગુલરુખસાર આદિ નાટકોમાં પારસી નાટયકારોએ ઇરાનના ઇતિહાસ અને તેના પાત્રોનો પરિચય કરાવ્યો.

ભારતીય ઇતિહાસની તવારિખને પણ રંગભૂમિ પર સાકાર કરી તે કાળમાં દટાયેલા ઇતિહાસના પાત્રોને પુનઃ સજીવ કર્યાં. ઇ.સ.૧૮૭૪-૭૫ ની આસપાસ કુંવરજી નાઝરે ગુજરાતનો છેલ્લો રાજા 'કરણઘેલા'નામનું નાટક ભજવ્યું હતું. આ ઉપરાંત 'ન્યુ આલ્ફ્રેડ થીયેટ્રીકલ કંપની'ના ઉપક્રમે તેના મેનેજીંગ દિગ્દર્શક માણેકશાહ બલસારાએ ઇ.સ.૧૯૨૫ ની આસપાસ 'ચંદ્રગુપ્ત' 'અલીબાબા ચાલીસ ચોર', 'ગૌતમબુધ્ધ' આદિ નાટકો ભજવ્યાં. 'ધી પારસી એમ્પાયર થીયેટ્રીકલ કંપની'ના મેનેજીંગ દિગ્દર્શક ડેનીયલ ડેવીડે ઇ.સ. ૧૯૨૭ ની આસપાસ 'વીર ગર્જના' 'વીર અમરસિંહ', આદિ નાટકોની ભજવણી કરાવી. ઐતિહાસિક નાટયકર્તા તરીકે નસરવાનજી ખાન સાહેબે 'આરામ', અનેક ઐતિહાસિક નાટયરચના કરી તે ઉલ્લેખનીય છે. તેમની મહત્વની રચનાઓ તરીકે ગુલબે સનોબરસ્ને કયા કિયા? 'છેલબટાઉ મોહેના રાણી', 'પદમાવત', શકુન્તલા','લાલા ગવહર', 'ફરરોબ સભા ચંદ્રાવલી', 'હાતમતાઇ', 'બેનઝીર બદરે', 'મુનીર'અને જહાંગીર શાહ ગૌહરને વળી સોરાબજી પોંચખાનાવાળાના ખુશરો શીરીન અને યઝદેઝર્દ ગણાવી શકાય. શહેરીયાર પણ નોંધપાત્ર ગણાય.

આ પ્રકારના નાટકોની રચના તેમજ ભજવણીમાં બે તત્ત્વોએ મહત્વના પરિબળ તરીકે કાર્ય કર્યું. એક તો પ્રેમકથા કે દંતકથાને સાકાર કરવી અને બીજું ઇતિહાસના પાત્રોને જીવંત કરી નાટયદેહ આપી તેની ભવ્યતા, ઉદાત્તતા, ત્યાગ, સમર્પણ, શૌર્યાદિ ગુણોને નિરુપી તેમને અમર બનાવવા.

ભારતીય ઇતિહાસ કરતાં ઇરાનની તવારિખ પર આધારિત નાટકોની સંખ્યા વિશેષ છે. પારસી નાટયકારો ભારતીય પુરાણ - ભાગવત - મહાભારત - રામયણના પાત્રો અને પ્રસંગોને જેટલા વિપુલ પ્રમાણમાં નાટયદેહે કંડાર્યા છે તેનાથી અત્યલ્પ પ્રમાણમાંજ તેમની દૃષ્ટિ ભારતીય ઇતિહાસ પર ગઇ. ઇતિહાસના કેટલાય અમર પાત્રો અને પ્રસંગો તેમની નજર બહાર કેમ રહી ગયાં તે એક આશ્ચર્યકારક ઘટના ગણી શકાય.

ઇરાનની તવારિખ પર આધારિત ઐતિહાસિક નાટકોમાં તેમણે શૃંગારિક રસો વિશેષ રુપે વહેવડાવ્યા જોવા મળે છે. અતિનાટયકીય તત્ત્વોની પ્રધાનતા આ પ્રકારના નાટકોમાં વિશેષ રુપે જોવા મળે છે. પ્રથમ દૃષ્ટિનો પ્રેમ, એકાંતમાં મિલન, જીવનના અંત સુધી સાથે રહેવાના અભય વચન, ત્યાગ, શૌર્ય, સમર્પણ માટે અનેક પ્રસંગોયોજન, ગીતોનું

| | | |
|---|---|---|
| હોરમજી મીસ્ત્રી (હરમીસ) | - | 'નિર્દોષ નાજાં' |
| માણેકજી માસ્તર | - | 'માકુ ઝેરીયો', 'પાનાચદ કપુરચંદ' |
| નસરવાનજી વારછા | - | 'શેઠીને બુધ્ધિ નાઠી', 'જાગીર ને જર', 'મેસમેરીઝમ' |
| ડોસાભાઇ ગોળવાળા | - | 'ગરીબનો બેલી', 'દારબ શેઠનો દિકરો.' |
| ફરામ બલસારા | - | 'નિરાધાર' |
| દોરાબ મહેતા | - | 'ગરીબી તારો ગુનો' |
| દારા હકીમ | - | 'નેક દીલ' |
| કેખશરુ સંજાણા | - | 'પાપી પીરોજા' |
| બ્હેરામ ઇરાની | - | 'બલિદાન' |
| પેરીન મીરઝાં | - | 'કલંકીત કોણ ?' |

ઉપર્યુકત નાટયકારોએ પારસી સમાજના સૂક્ષ્મ પ્રશ્નોને નાટયદેહ અર્પી તેમાં પારસી સંસારની નિમ્નલિખિત સમસ્યાઓનો સ્ફોટ કર્યો.

-- પારસીઓમાં રહેલા અજ્ઞાન, વહેમ અને રુઢિ દાસ્યતા.
-- ધર્મમાં અંધ શ્રધ્ધા અને તે દ્વારા અઘટિત પરિણામ.
-- સ્ત્રીઓની દીન, કેળવણીશુન્ય અને બંધનગ્રસ્ત સ્થિતિ.
-- વૃધ્ધ લગ્ન અને કન્યા વિક્રય.
-- અંગ્રેજી સમાજનું આંધળું અનુકરણ અને તેના પ્રત્યાઘાત.
-- ,સુધારાના નામે પ્રચલિત અનિષ્ટ અને આડંબર.

ઉપર્યુકત સામાજિક સમસ્યાઓનું નિરુપણ કરતા અનેક પારસી સંસારી નાટક તેમજ ફારસો રચાયા - ભજવાયા સુધારાના કારણે કેટલીક ચીલા - ચાલુ સ્થિતિ - રીતિમાં સુખદ પરિણામ આવ્યાં. કિન્તુ તેના આંધળા અનુકરણે ઉદામવાદી તત્ત્વો ઉભરાયાં. કેળવણી પામેલી સ્ત્રીઓ સુધરેલી ખપવા મથતી, ફેશન, કલબ, પરપુરુષસંગ, ગૃહ પ્રતિ નિષ્ઠાનો અભાવ, પરધર્મી લગ્ન, આયાઓ દ્વારા બાળ ઉછેર અને સ્તનપાન, તલ્લાક આદિ અનેક અનિષ્ટ ઉદ્ભવ્યાં અને વિનાશ તરફ આગળ વધ્યાં. નાટયકારોએ આ બધીજ સમસ્યાઓને નાટકો દ્વારા સમાજ સમક્ષ મૂકી સમાજ દૃષ્ટિ ઉઘાડવાનો મહત્વપૂર્ણ યત્ન કર્યો. આ લોકોન્મુખી પ્રવૃત્તિમા પારસી નાટયકારોની કલ્યાણકારી ભાવનાજ તેના અંતઃસ્થલમાં રહે છે. સમાજના અનિષ્ટો દૂર કરી એક મંગળમય સમાજની

પ્રાધાન્ય આદિ તત્ત્વોનો અતિરેક આ નાટકોમાં વિશેષ રહેતો. આ પ્રકારના નાટકો ઈતિહાસના સત્યથી કવચિત વેગળાં જતા જોવા મળે છે. નાટયકારોએ તેમાં યોગ્ય પરિવર્તન અને પરિવર્ધન કરી તેને રંગભૂમિક્ષમ બનાવ્યાં.

ઐતિહાસિક નાટકોમાં કરેલ પરિવર્તન પછી પણ આ નાટયકારોએ ઐતિહાસિક વાતાવરણ ઉપસ્થિત કર્યું એટલુંજ નહી પણ માનવા સભ્યતા અને સંસ્કૃતિના સનાતન સત્ય અને આદર્શોનું અન્વેષણ પણ કર્યું.

આ ઐતિહાસિક નાટકોમાંજ પારસી નાટયકારોએ પુનરુત્થાનની ભાવના ભરી દિધી. ઐતિહાસિક ઉપરાંત પૌરાણિક નાટકોમાં પણ પ્રવૃત્તિ સાંસ્કૃતિક પુનરુત્થાનનીજ રહેતી. આ પ્રવૃત્તિના નેપથ્યે સંસ્કૃતિ તેમજ જાતીય ગૌરવ ત્યાગ-બલિદાન, ધર્મનિષ્ઠા, સામાજિક આદર્શો પ્રતિ દઢભાવ, સત્યાદિ તત્વો પ્રમુખરુપે કાર્ય કરતાં. અંગ્રેજોના શાસન દરમ્યાન આ નાટયકારોએ પરોક્ષ રુપે ભારતીય મુકિત સંગ્રામની લડતને અનન્ય બળ, ગતિ, અને દ્દષ્ટિ પ્રદાન કરી રંગભૂમિ અને જન્મભૂમિની ઉલ્લેખનીય સેવા કરી તે અવિસ્મરણીય રહેશે.

## સામાજિક નાટકો

આધુનિક પારસી જીવનનું અતિ સૂક્ષ્મ અવલોકન પારસી નાટયકારોમાં સામાજિક નાટકોમાં જોવા મળે છે. પારસીઓમાં પ્રવર્તતી યુગ પ્રતિભા, આદર્શ, રીતિ અને પ્રજાજીવનનું મૂર્તસ્વરુપ છે. પારસીઓમાં પ્રવર્તતી બેકારી, ગરિબાઈ, ધાર્મિકતા, જુગાર, રેસ, અધર્મીપણું, ધર્મગત રીતરિવાજો, અનીતિમાંથી ઉપસ્થિત થતો સંઘર્ષ, ગ્રામ્ય અને નગરજીવન વચ્ચે રહેલો અવકાશ, અમીરી અને ગરીબી વચ્ચેનો અફાટ સાગર આદિ સમાજને સ્પર્શતા અનેકવિધ પ્રસંગોનું નિરુપણ પારસી નાટયકારોએ તેમના નાટકમાં કર્યું છે. પારસી સામાજિક નાટકોએ પારસી સમાજનું યથાવત ચિત્ર છે. પારસી કોમ અને ધર્મથી અજાણ માનવી પણ આ નાટક વાંચી તેમના જીવન વિષેનો સંપૂર્ણ ખ્યાલ મેળવી શકે છે. સમાજમાં પ્રવર્તતી રુઢીઓ તેમજ બદીઓ દૂર કરવા માટે જે સામાજિક નાટકોનું સર્જન કરવામાં આવ્યુ તે જેને આપણે ડ્રામેટીક પ્લોટ કહીએ તેવા તદ્દન સામાજિક નાટકોમાં રોજ-બ-રોજના પ્રસંગોનુ ચિત્રણ કરી તેના પર કટાક્ષ અને પ્રહાર કરી સામાજિક ચેતના પ્રગટાવવાનો પ્રયત્ન પારસી નાટયકારોએ કરેલો જોવા મળે છે.

નાટક એ વિશિષ્ટ સાહિત્ય સ્વરુપ છે કે જેમાં સમાજજીવનનું પ્રતિબિંબ ઝીલી રંગભૂમિના માધ્યમ દ્વારા પ્રદર્શિત કરી સમાજ પરિવર્તનનું એક ઉમદા કર્તવ્ય સફળ બનાવી

શકે. ઓગણીસમી સદીમાં જે સાહિત્ય સર્જાયું તેની પાછળની એક મુખ્ય પ્રેરણા તે સાહિત્ય સુધારો. સામાજિક અને નૈતિક મૂલ્યો સ્પષ્ટ કરવા સાહિત્યનું ખેડાણ થયેલું. મૌલિક નાટકો પણ આમાં અપવાદ નથી.

શ્રી કેખશરુ કાબરાજીથી અદી મર્ઝબાન, ડો. રતન માર્શલ કે ફિરોઝ આંટીયા સુધીના બધાજ નાટયકારોએ તેમના નાટકોમાં સામાજિક સમસ્યાઓ રજૂ કરી તે દૂર કરવાનો નિર્દેશ કર્યો. પારસી નાટયકારોના સામાજિક નાટકો બહુધા પારસી સંસારની સમસ્યાઓનું નિરુપણ કરતાં રહયાં અને તેમાં રહેલી બદીઓને નાટયદેહ આપી તેના દુ:ખદ પરિણામો પારસી સંસાર સમક્ષ રજુ કર્યા.

| | | |
|---|---|---|
| કેખશરુ કાબરાજી | – | 'ભોલી જાન', 'દુ:ખીગુલ', 'નિંદાખાનું'. |
| નાનાભાઇ રાણીના | – | 'કાળા મેંઢા', 'વહેમાયેલી જર,' 'કરણી તેવી પાર ઉતરણી', 'નાજા શીરીન'. |
| બમનજી કાબરાજી | – | 'કળજુગ', 'બાપના શ્રાપ', 'વફા પર જફા', |
| અરદેશર પટેલ | – | 'સુધરેલી શીરીન ઠેકાણે આવી', 'કાકા મામા કહેવાના ને ગાંઠે હોય તે ખાવાના'. |
| ફિરોઝગર | – | 'સીવીલ મેરેજ', 'બેરોનેટનો બેટો', 'ઔરીતની ભીખ', 'જવાનીની હવા', 'મફતની મીસીસ', 'જુઠી જગત'. |
| જાંહાગીર ખંભાતા | – | 'મેડ હાઉસ', 'ટીટ પર ટાટ', 'ધરતીકંપ'. |
| ખુરશેદજી બાલીવાલા | – | 'મારી બઇરીનો ગલેબંધ', 'મતલબ બહેરો' |
| 'રતનજી શેઠના | – | 'પાકજાદ પરીન', 'રમતા પંછી', 'ભુલથાપ', 'દિનદાર દીના'. |
| પીજામ | – | 'અફલાતુન', 'હેન્ડસમ બ્લેગાર્ડ', 'મખ્ખઇ મોહરો'. |
| ગુલફામ | – | 'ફાંકડો ફીતુરી', 'સાસુજી', ઘેરનો ગવંડર' 'મધરાતનો પરોણો' 'મારો માટી (ફારસ)'. |
| એદુ કોલેજર | – | 'દુ:ખીયારી બચુ', 'પૈસા ઓ પૈસા' |
| જાંહાગીર વાડીયા અને મીનું લંગડાના | – | 'પારસી હરિશ્ચંદ્ર', 'પસ્તાયેલો પારસી', ઘોટલામા ઘોસ' 'બેવફા બેરું! |
| જહાંગીર એન્જિનીયર | – | 'ગેર ઇન્સાફ', 'દુ:ખી દાદીબા'. |
| પેસ્તનજી કાપડીયા 'હયરત' | – | 'વહેમનું બારદાન' |
| ઝીણી પેમાસ્તર | – | 'કીસ્મત', 'નિર્દોષ'. |

કલ્પનાએ સમસ્યાપ્રધાન કે સામાજિક નાટક તેમજ પ્રહસનો રચવા તેમને પ્રેર્યા. પારસી સામાજિક નાટકો સંખ્યાની દૃષ્ટિએ પણ વિપુલ જથ્થામાં છે. પારસી-રંગભૂમિના ઇતિહાસના ઉત્કર્ષકાળમાં આ નાટક તેમજ નાટયકારો રંગભૂમિ તેમજ સમાજની જે બહુમૂલ્ય સેવા કરી જે વિસ્મરી શકાય નહીં.

## રુ પાં ત ર

આમ ભાષાની મુશ્કેલી નડી હોવા છતાં પારસી નાટયકારોએ પાશ્ચાત્ય નાટય સાહિત્યમાં જ્યાં જ્યાંથી ભાવસૃષ્ટિ અને પરિસ્થિતિ પ્રાપ્ત થઇ તે સર્વ અપનાવી લઇ નાટય રુપાંતરની શરુઆત કરી સાહિત્ય સ્વરુપની સાથે આમાં નાવીન્ય પરત્વેની પારસીઓની વિશેષ વૃત્તિએ પણ ભાગ ભજવ્યો હશે અને અનુવાદ અને અનુકરણ દ્વારા તેમણે પરંપરાની શરુઆત કરી. પાશ્ચાત્ય સાહિત્ય સાથે પરિચય કેળવવાની અને તેનો નાટયાવતાર અર્પી રંગભૂમિ પર ભજવાની મહત્વની કાર્યવાહી પારસી નાટયકારો આદરી તેનું મહત્વ વિસ્મરી ના શકાય.

અંગ્રેજી નાટયસાહિત્યના અભ્યાસે પાશ્ચાત્ય નાટકોમાંની ઉત્તમ કલાકૃતિઓ અનુવાદ તેમજ રુપાંતર માટે પ્રેરણાદાયી નિવડતાં તેના પોતાના સમાજને અનુરુપ થાય તેવા નાટય રુપાંતરો સજ્યાં. આ નાટય રુપાંતરોમા કેટલાક ચોક્કસ હેતુ નાટયકારની દૃષ્ટિ સમક્ષ હશે. આ નાટયકારો દ્વારા રુપાંતરિત થયેલ નાટકોમાં નિમ્ન દૃષ્ટિકોણ સેવ્યો હશે.

-- પોતાના સમાજમાં સહેલાઇથી બંધબેસતા કરી શકાય

-- મનોરંજન પ્રધાનરુપે હોય.

-- પાત્રોના ઉંડા મનોવિશ્લેષણને બદલે સરળ પરિસ્થિતિ હોય.

-- ભેદ ભરમવાળી વસ્તુ ગૂંથણી હોય.

-- નીતિ-બોધના તત્ત્વ સમાયેલ હોય.

આ દૃષ્ટિકોણથી પસંદ કર્યા બાદ મૂળ કૃતિઓના માત્ર ખોખાંનો ઉપયોગ કરી પારસી સમાજને અનુરુપ નાટય રચના પ્રારંભી. પોતાના સમાજમાંથી સહેલાઇથી જડી આવે તેવુ પાત્ર સર્જન કર્યુ. પારસી સંસારને અનુરુપ કરવા જતાં આ નાટયકારોને ઘણાં ફેરફાર કરવા પડયાં. રુપાંતર કરતી વખતે તેમણે મૂળ કૃતિઓમાં કેટલીક કાપકૂપ કરી છે. તેમ પોતાના સમાજને આનંદ અને બોધ આપવા માટે તેમણે પોતાનું કહી શકાય તેવું ઉમેરણ પણ કર્યું છે. આમ તેમણે મુળકથામાં આવતી અંગ્રેજ સમાજની પરિસ્થિતિઓ, રહેણી-કરણી, માન્યતાદિનું પોતાના સમાજને અનુરુપ પરિવર્તન કર્યુ અને તેને પોતાના સંસારને અનુરુપ નવુ સ્વરુપ આપ્યું. આ દ્વારા રંગભૂમિને નાટક મળતા રહયાં.

નાટક અને રંગભૂમિને ઉપકારક તેવા આ પ્રવૃત્તિની વિશિષ્ટતાઓની સાથે કેટલીક મર્યાદાઓ પણ ઉપસ્થિત થઇ. નાટયકારો દ્વારા થયેલ આ રુપાંતર અને અનુવાદમાં રંગભૂમિ પરની સફળતાને બાદ કરતાં તે અપ્રગતિશીલ રહયાં. મૂળકૃતિને યથાતથ અનુવાદિત કે રુપાંતરિત ન કરવાની પ્રવૃત્તિને કારણે મૂળકૃતિનો હેતુ માર્યો જતાં તે કૃતિ તેમજ કર્તા

સાથે અન્યાય થતો આ રુપાંતર અને અનુવાદમાં પણ કલાનિષ્ઠાનો ક્વચિત્ અભાવ વર્તાયા વિના રહેતો નથી. આ બધાને અંતે કેટલાક સારા અનુવાદો તેમજ રુપાંતરો પારસી નાટયકારો દ્વારા મળ્યાં તે ઐતિહાસિક પ્રયોગ લેખે મહત્વના ગણી શકાય.

ઉપરોકત મર્યાદાની સાથે ઘણીવાર પારસી નાટયલેખકો સર્જનશકિત પણ દેખાય છે અને એમા પોતાના સમાજનું મનોરંજન કરવા વિશિષ્ટ રમૂજી શૈલીમા નાટયાત્મક નિરુપણ કરે છે. મૂળકૃતિના પાત્રોના નામઠામ પહેરવેશને સ્થાને પોતાના સમાજના પાત્રોના નામ ઠામ વગેરે ગોઠવી દીધેલ જોવા મળે છે. પારસી નાટયકારોએ પોતાના સમાજને અનુરુપ પ્રસંગો, પાત્રો અને પરિસ્થિતિમાં કાપકૂપ તેમજ ઉમેરણ કર્યુ હોય તેમ તેમની નાટયકૃતિઓમાં જોવા મળે છે. નાટકોમાં મર્યાદા હોવા છતાં નાટયપ્રવૃત્તિનું સમગ્રપણે અવલોકન કરીએ ત્યારે આ પ્રવૃત્તિની અનેક મર્યાદાઓ છતાં જથ્થાની દષ્ટિએ એ અત્યન્ત નોંધપાત્ર બની રહે છે. નાનકડી સંખ્યામાં હોવા છતાં પારસી નાટયકારોએ આટલા વિપુલ પ્રમાણમાં પોતાની લેખન પ્રવૃત્તિના ફળ આપ્યાં એ હકીકત ઐતિહાસિક તેમજ સામાજિક દષ્ટિએ અત્યંત મહત્વની ગણાય.

શ્રી કેખશરુ કાબરાજીથી માંડીઅદી મર્ઝબાન સુધીના નાટયકારોએ પાશ્ચાત્ય નાટય સંસ્કારો ઝીલ્યા તે રંગભૂમિ તેમજ નાટક માટે યશસ્વી એટલા માટે લેખાય કે તે થકી નાટક અને રંગભૂમિ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહ્યાં. અલબત્ત પારસી નાટયકારોએ અનુવાદ કરતાં રુપાંતરો તરફ વિશેષ ઝોક આપ્યો દેખાય છે. તેમનો મુખ્ય ઉદ્દેશ સમાજનું મનોરંજન કરીને પોતાના સમાજનું જીવનનું નિરુપણ કરી પરિવર્તન લાવવાનો હતો. આ બન્ને હેતુઓ અનુવાદ કરતા રુપાંતરમાં સવિશેષ સાધી શકવાનો અવકાશ જોતાં તેમણે તે ક્ષેત્રે અસંખ્ય પ્રયોગો કર્યા.

પારસીઓએ નાટકોનું રુપાંતર કર્યુ તેથી તેમણે અનુવાદ પરત્વે ઉદાસીનતા સેવી તેવું કહી શકાશે નહીં. અલબત્ત રુપાંતરના પ્રમાણમાં અનુવાદિત કૃતિઓની સંખ્યા ઓછી અવશ્ય છે. અનુવાદ માટેની કૃતિઓ પણ પોતાના સમાજને લક્ષમાં લઇનેજ પસંદ કરી છે. અનુવાદ માટે પસંદ કરેલ કૃતિઓનો તેમણે શબ્દશ:અનુવાદ કર્યો હોય તેમ ભાગ્યેજ જોઇ શકાય છે. કદાચ ભાષાની મુશ્કેલીને કારણે મૂળકૃતિનો ભાવ ગ્રહણ કરી તેનો ટુંકમાં અનુવાદ કર્યો હશે તેમ કહી શકીયે.

મૂળકૃતિની અનાવશ્યક લાગતી વિગતોમાં તેમણે યત્કિંચિત ફેરફાર કરેલ હોવાથી રુપાંતરીત અને અનુવાદિત કૃતિઓમાં સંક્ષિપ્તતા જોવા મળે છે. અનુવાદિત કૃતિઓમાં પણ તેમણે કેટલુંક ઉમેરણ કર્યુ હોય તેમ પણ જણાય છે.

આ સમગ્ર પ્રક્રિયાને અંતે પારસી નાટયકારોએ કરેલ રુપાંતર અને અનુવાદના પશ્ચિમના સમાજજીવન સાથે પોતાના સમાજ જીવનના આ લેખનમાં પારસી સમાજની વૈયક્તિકતાના અને પાશ્ચાત્ય અસરો કેટલા પ્રમાણનાં કાર્ય કરતી રહી તે વિવેક માંગી લે તેવી પ્રક્રિયા ગણી શકાય.

ગુજરાતી નાટક અને રંગભૂમિનો ઇતિહાસ લગભગ ભિન્ન ભિન્ન ધોરણે તપાસાયો તે ઘટના આશ્ચર્યકારક અને દુઃખદ ગણી શકાય. માત્ર ગુજરાતીજ નહી પણ અન્ય ભગિની ભાષાઓમાં પણ નાટયસાહિત્યનો તેમજ રંગભૂમિનો ઇતિહાસ અલગ અલગ રીતે તપાસાયો તેની સખેદ નોંધ લેવી. ઘટે. નાટક અને રંગભૂમિ જો એકજ સિક્કાની બે બાજુઓ હોય તો તેને આ રીતે અલગ તપાસવા કેટલા અંશે ઉચિત છે તેનો પુનર્વિચાર કરી તેનું યોગ્ય પરિશીલન થવું ઘટે. જે નાટક રંગભૂમિ પર ભજવાય નહીં તે નાટક ન કહી શકાય તેવી સમજ ઉભી થયેલ હોવા છતાં આજે અભિનેય નાટકોની જયારે અછત વર્તાય ત્યારે તે ઘટનાની સખેદ નોંધ એટલા માટે ઉલ્લેખનીય છે કે આજે પણ રંગભૂમિ અને નાટક એકરુપ થઇ શકયા નથી. પ્રસંગોપાત કયારેક બન્ને તત્ત્વોની જે એકરુપતા દેખાય છે તે તો કવચિતજ.

પારસી રંગભૂમિ પર નાટક અને રંગભૂમિએ પ્રાપ્ત કરેલ એકત્વને કારણે તે વિશેષ ઉલ્લેખનીય અને ઐતિહાસિક તવારિખમાં નોંધપાત્ર રહે છે. પારસી નાટયકારોની રચના રંગભૂમિ માટે થઇ હોવાને કારણે લગભગ બધાજ નાટયકારોના નાટકો મંચસ્થ થયા. તત્કાલીન સ્થિતિ જોતાં તે નાટકોમાં સાહિત્યિકતાની આપણી અપેક્ષા સંતોષાય નહી એ સ્વાભાવિક ગણી શકાય, છતાં પણ તેમના થકી રચાયેલી અનેક નાટયકૃતિઓ દ્વારા એક લોકપ્રિય શૈલી ઉપસી આવી. પરિણામે નાટક મંડળી તેમજ નાટયકારોનો એક વિશેષ ચાહક વર્ગ ઉભો થયો. પરિણામે આ કલાકારો વિક્રમજનક શિખરો સર કર્યાં.

પારસી નાટક-તખ્તાની સેવાસો વર્ષની તવારિખ તપાસતાં એટલું તો નિશ્ચિતપણે સ્વીકારવુંરહ્યું કે પારસી કલાકાર-નાટયકાર-મંડળીઓના માલીક દ્વારા પ્રારંભાયેલી -પ્રસરેલી આ પ્રવૃત્તિ નાટય-રંગભૂમિની પ્રવૃત્તિ હતી. નાટયકાર દ્વારા રચિત પૌરાણિક-ઐતિહાસિક-સામાજિક-રુપાંતરીત નાટકોને કલાકારોએ હૃદયપુર્વક ભજવ્યાં. માલીકોએ આધિપત્ય અવશ્ય ભોગવ્યું પરંતું તેમણે પણ નાટકોની ભજવણીમાં પોતાનું સર્વસ્વ હોડમાં મૂકી દઇ ફનાગીરી પણ નોંતરી તે વિસ્મરી શકાય નહી. માત્ર ભારતમાંજ નહી પર દેશ-વિદેશમાં આ નાટયકારોની કૃતિઓ ભજવી તેમણે વ્યાવસાયિક ધોરણે કલા

અપનાવી હોવા છતાં પણ પરોક્ષ રુપે રંગભૂમિની અનન્ય સેવા કરી તે ગાથા અમર બની રહેશે. પારસી-રંગભૂમિ પર માલિક-નાટયકાર અને અભિનેતા તરીકેની ત્રિવિધ ગુણસંપન્ન વ્યક્તિઓ પણ અવતરી તે ઘટના સુખદ ગણાય. કેખશરુ કાબરાજી, કુંવરજી નાઝર, ખુરશેદજી બાલીવાલા, અદી મર્ઝબાન, ડો. રતન રુસ્તમ માર્શલ, યઝદી કરંઝીયા આદિનો ઉલ્લેખ નોંધપાત્ર બની રહે છે.

## નાટયકારોનું પ્રદાન

– આ નાટયકારોએ પાશ્ચાત્ય નાટકોના રુપાંતર અને અનુવાદ કરી તે કથાનકથી પ્રેક્ષકોને વાકેફ કર્યા.

– પૌરાણિક કથાનક અને પાત્રોને નાટયદેહે સજીવ કરી ભારતીય પુરાણને રંગભૂમિ પર સાકાર કરી તેના આદર્શના પાઠ પૂરા પાડયાં.

-- ભારતીય તેમજ ઇરાનના ઇતિહાસની તવારિખના આધારે નાટયરચના કરી ભારત તેમજ ઇરાનના ઇતિહાસ તેમજ તે ભવ્ય પાત્રોને સજીવ કરી તેમના આદર્શ, વીર, સમર્પણ ત્યાગાદિ ગુણોનો પરિચય કરાવી સંસ્કાર સિંચન કર્યુ.

-- સમાજમાં પ્રવર્તતી બદીઓ સામે જેહાદ પોકારી સમાજની અનેક સમસ્યાઓને સ્પર્શતા નાટકોની રચના કરી તત્કાલીન સમાજની રુઢિઓ તેમની સામે રજૂ કરી સમાજ સુધારણાનું મહત્વપૂર્ણ કાર્ય આદર્યુ.

-- પારસી નાટક મંડળીઓની સંખ્યા સવિશેષ હતી અને તે દ્વારા ભજવાતા હિન્દી અને ઉર્દૂ નાટકો ઉપરાંત તે મંડળીઓની ગુજરાતી નાટકોની માંગ વિશેષ રહેતી પરિણામે તે અપેક્ષા પૂર્ણ કરવા પારસી નાટયકારો સતત નાટક લખતા રહી રંગભૂમિને ચિરાયુષી બનાવવાનું મંગળકાર્ય કર્યુ .

-- રંગભૂમિ માટે લખાતી આ લેખકોની સૌથી શ્રેષ્ઠ સિધ્ધિ તો તેમણે રચેલા નાટકોની અભિનેયતાનેજ ગણાવી શકાય. તેમણે વિપુલ પ્રમાણમાં નાટય રચના કરી નાટક અને રંગભૂમિને એકત્વ અર્પ્યુ. અભિનેયતાની દ્રષ્ટિએ મૂલવતાં પારસી રંગભૂમિના નાટયકારોના નાટક સફળ અભિનેય નાટકો સાબિત થાય છે. આ અભિનેયતા એજ તેમની શ્રેષ્ઠ સિધ્ધિ અને એજ તેમનું અતિ મૂલ્ય પ્રદાન.

પારસી ગુજરાતી રંગભૂમિના નાટયકારો ગુજરાતી નાટયસાહિત્યમાં આજ સુધી ઉપેક્ષિત રહયાં. કવચિત્ નાટયસાહિત્યના ઇતિહાસમાં તેમનો નામોલ્લેખ કરવાનું ઋણકૃત્ય

કરતાં અભ્યાસીઓ પારસી રંગભૂમિના નેપથ્યમાં સહેજ ડોકિયું પણ કર્યું હોત તો તેમને ત્યાં એક મહાન ભવ્ય સૃષ્ટિ સાંપડત કે જેની સમીપ આજની રંગભૂમિ માત્ર ભગ્નાવશેષથી વિશેષ કાંઇ પણ સાબિત થતી નથી. પણ તેમ ન બન્યું. અને જે કાંઇ ઉલ્લેખ છે તે એટલો અલ્પપ્રમાણમા છે કે જેના આધારે કશું પ્રાપ્ત થઇ શકે તેમ નથી. ગુજરાતી સાહિત્યમાં સ્થાન પ્રાપ્ત કરેલા કેટલાય નાટયકારો એવા છે કે જેમનું સ્થાન માત્ર પાઠય પુસ્તકોમાંજ છે. આ સ્થાનેથી જો તેમને દૂર કરવામાં આવે તો કદાચ તેમનું અસ્તિત્ત્વ પણ પ્રાપ્ત ન થાય. નાટકની રચના પાઠય પુસ્તક માટે નહી પણ રંગભૂમિ માટે થવી જોઇએ. રંગભૂમિ પર જો અભિનેયતા સિધ્ધ ના થાય તો વિદ્વાન નાટયકારની કૃતિઓ સાહિત્યિક ગુણવત્તા સિધ્ધ કરે એમ છતા નાટય રચનાની દ્રષ્ટિએ એમનું કોઇ મૂલ્ય રહેતું નથી.

આ બધાને અંતે પારસી રગભૂમિના નાટયકાર જનતાના નાટયકાર બની રહયાં. નાટય રચનાથી માંડી તેની ભજવણી સુધીની તમામ ટેકનિકથી તેઓ વાકેફ હોવાને કારણે તે નાટક અને નાટકકારના પ્રદાનને નાટયસાહિત્યના ઇતિહાસમાં વિશેષ સ્થાન આપવુ ઘટે.

## પ્રકરણ - ૮

## સંદર્ભ ગ્રંથ - સૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૭૮. |
| ૨. | હિન્દી રંગમંચ ઔર પં.નારાયણપ્રસાદ 'બેતાબ' | ડૉ.વિદ્યાવતી નર્મ્ર | પૃ.૯૮. |
| ૩. | સ્ત્રી બોધનો અંક - દેશી સંગીત | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૬૯. |
| ૪. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૬૨૧ |
| ૫. | જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૧૦ 'એકાંકી' | પ્રો.જશવંત શેખડીવાળા | પૃ.૧૨૧ |
| ૬. | પારસી નાટકતખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૨૧૭ |
| ૭. | પારસી નાટક મંડળીનો અહેવાલ | શ્રી જહાંગીર રાણીનાનો પત્ર-લેખક ઉપર | |
| ૮. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૪૩૩. |
| ૯. | પારસી નાટક તખ્તો | ફીરોઝઘર | પૃ.૪૬. |
| ૧૦. | જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૧૦ 'એકાંકી' | પ્રો.જશવંત શેખડીવાળા | પૃ.૧૨૧. |
| ૧૧. | પારસી નાટકસાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૮૦૩. |
| ૧૨. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૬૩૧. |
| ૧૩. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૬૭૬. |
| ૧૪. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૮૧૬. |
| ૧૫. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૮૧૧. |
| ૧૬. | રંગભૂમિના ઘડવૈયા | શ્રી ચંદુલાલ શાહ | પૃ.૧૧૫. |
| ૧૭. | અસરે હિંદ | સમીક્ષક 'બ્યુકોટ' | પૃ.૨૩. |
| ૧૮. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૮૨૨. |
| ૧૯. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મડાની પીલાં | પૃ.૮૨૩. |
| ૨૦. | નાટયલેખન | પ્રો. ધનંજય ઠાકર | પૃ.૯. |


X X X X X X
X X X X X
X X X X
X X X
X X
X